*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

-સારથી સંતપ્ત જીવોને શાંતિની ઝાંખી કરાવતું અજોડ આધ્યાત્મિક-માસિક




ૐ

વર્ષ ૧૫ મું

પ્રથમ શ્રાવણ

અધિક અંક

વી. સં. ૨૪૮૪

: સંપાદક :

રામજી માણેકચંદ દોશી

અધિક અંક
( ૧૭૭-અ )

# સર્વ જીવ છે જ્ઞાનમય

"સર્વ જીવ છે જ્ઞાનમય" અહા, મારો આત્મા જ્ઞાનમય છે, ને જગતના બધા જીવો જ્ઞાનમય છે. આવા જ્ઞાનસ્વરૂપ આત્માની ભાવના તે જ સમભાવરૂપ સામાયિક છે, ને તે જ મોક્ષમાર્ગ છે. રાગથી જે લાભ માને તેણે જીવને જ્ઞાનમય નથી જાણ્યો, પણ રાગમય માન્યો છે, અને બીજા જીવોને પણ તે એવા જ માને છે; તેને સમભાવ નથી પણ વિષમભાવ છે એટલે કે મોહભાવ છે. જેણે અંતર્મુખ થઇને પોતાના આત્માને જ્ઞાનમય જાણ્યો તેણે જગતના બધા જીવોને પણ પરમાર્થે એવા જ જાણ્યા, અને તેને મોહનો નાશ થઇને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સમભાવ થાય છે.

-પ્રવચનમાંથી.



સોનગઢમાં

## દસલક્ષણી પર્યુષણપર્વ

સોનગઢમાં દરવર્ષની જેમ ભાદરવા સુદ પાંચમ ને બુધવારથી શરૂ કરીને, ભાદરવા સુદ ૧૪ ને શુક્રવાર સુધીના દસ દિવસો દસલક્ષણીધર્મ અર્થાત્ પર્યુષણ પર્વ તરીકે ઊજવાશે. આ દિવસો દરમિયાન ઉત્તમ ક્ષમા વગેરે ધર્મો ઉપર પૂ. ગુરુદેવના ખાસ પ્રવચનો થશે.

## ધાર્મિક પ્રવચનના ખાસ દિવસો

પ્રથમ શ્રાવણ વદ ૧૨ ને મંગળવાર તા. ૧૨–૮–૫૮થી શરૂ કરીને દ્વિતીય શ્રાવણ સુદ પાંચમ ને મંગળવાર તા. ૧૯ સુધીના આઠ દિવસો ધાર્મિક પ્રવચનના ખાસ દિવસો તરીકે ઉજવાશે.

## વાર્ષિક બેઠક

શ્રી જૈન અતિથિ સેવાસમિતિની વાર્ષિક બેઠક દ્વિતીય–શ્રાવણ સુદ બીજ ને શનિવાર તા. ૧૬–૮–૫૮ ના રોજ મળશે; તેમાં હાજર રહેવા સૌ સભ્યોને વિનંતિ છે.

## અશુદ્ધિ

“આત્મધર્મ” અંક ૧૭૭ પૃષ્ઠ ૧૬ કોલમ ૧ લાઇન ૨૮ માં “ચૈતન્યની ઉપલબ્ધિ નથી તે જ જાગે છે” — એમ ભૂલથી છપાઇ ગયું છે, તેને બદલે “ચૈતન્યની ઉપલબ્ધિ છે તે જ જાગે છે”, એમ સુધારીને વાંચવું.

## મોક્ષમાર્ગપ્રકાશકનું મંગલાષ્ટક


(૧) મંગલમય મંગલકરણ વીતરાગવિજ્ઞાન,
નમું તેહ જેથી, થયા અરહંતાદિ મહાન.
(૨) મિથ્યાભાવ અભાવથી જે પ્રગટે નિજભાવ,
તે જયવંત રહો સદા એહી જ મોક્ષ ઉપાય.
(૩) જે નિજ ભાવ સદા સુખદ નિજનો કરો પ્રકાશ,
જે બહુવિધિ ભવદુઃખતણી કરે છે સત્તાનાશ.
(૪) ભવનાં સર્વ દુઃખોતણું કારણ મિથ્યાભાવ,
તેની સત્તા નાશ કરે પ્રગટે મોક્ષ ઉપાય.
(૫) બહુવિધ મિથ્યા ગહનથી મલિન થયા નિજભાવ,
અભાવ થતાં એ હેતુનો સહજ રૂપ દરશાવ.
(૬) મિથ્યાદેવાદિક ભજે થાયે મિથ્યા ભાવ,
તજી તેને સાચા ભજો એ હિત હેતુ ઉપાય.
(૭) આ ભવતરુનું મૂળ એક જાણો મિથ્યા ભાવ,
તેને કરી નિર્મૂળ હવે કરીએ મોક્ષ ઉપાય.
(૮) શિવ ઉપાય કરતાં પ્રથમ કારણ મંગળરૂપ,
વિઘ્નવિનાશક સુખકરણ નમું સિદ્ધ શિવભૂપ.

શ્રી પંડિત ટોડરમલ્લજીએ મોક્ષમાર્ગપ્રકાશકના દરેક અધ્યાયની શરૂઆતમાં જે મંગલાચરણનો શ્લોક લખ્યો છે તેમાં, મિથ્યાત્વનો અભાવ કરીને મોક્ષમાર્ગ પ્રગટ કરવાની ભાવવાહી પ્રેરણા હોવાથી, અહીં મંગલાષ્ટક તરીકે તે શ્લોકો પ્રગટ કર્યા છે.

## સમકિતી-હંસ

આત્માના ચૈતન્ય સરોવરના શાંતજળમાં કેલિ કરનાર સમકિતી હંસને ચૈતન્યના શાંતરસ સિવાય બહારમાં પુણ્ય પાપની વૃત્તિની કે ઇન્દ્રિયવિષયોની રુચિ ઊડી ગઇ છે; ચૈતન્યના શાંત–આનંદરસનો એવો નિર્ણય (વેદન સહિત) થઇ ગયો છે કે બીજા કોઈ રસના વેદનમાં તેને સ્વપ્નેય સુખ લાગતું નથી. આવો સમકિતી–હંસ નિરંતર શાંતરસના સરોવરમાં કેલી કરે છે.

# આત્માર્થી જીવોને મનનીય હસ્તાક્ષર


ૐ
નિજ સ્વરૂપનો ઉપયોગ તે સુખ છે
તે આબાલ ગોપાળ કરી શકે છે.
એ વીના શાંતીનો બીજો કોઈ ઉપાય નથી.

પૂ. ગુરુદેવના મંગલ હસ્તાક્ષર “આત્મધર્મ”માં પહેલી જ વાર રજૂ કરતાં અમને આનંદ થાય છે.

ગુરુદેવના ઉપરોક્ત હસ્તાક્ષર આત્માર્થી જીવોને મનનીય છે, તેથી તેના ઉપરનું થોડુંક મનન અહીં રજૂ કર્યું છે.

હસ્તાક્ષરમાં સૌથી પહેલાં ૐ છે, તે મંગલસૂચક છે અને તીર્થંકરભગવાનની વાણી છે.

કોઇ પણ જિજ્ઞાસુને સામાન્યપણે એ વિચાર આવે છે કે દુઃખમાં ડુબેલો મારો આત્મા સુખી કેમ થાય? અત્યાર સુધી જે કાંઈ મેં કર્યું તેમાં મને સુખ ન મળ્યું, તો મારો આત્મા કયા ઉપાયથી–શું કરવાથી સુખી થાય? એ પ્રમાણે સુખના શોધક જિજ્ઞાસુને માર્ગ બતાવતાં ગુરુદેવ લખે છે કે :– –

## “નિજ સ્વરૂપનો ઉપયોગ તે સુખ છે.”

જીવનું મુખ્ય કાર્ય ‘ઉપયોગ’ છે; પોતાના તે ઉપયોગને અનાદિથી જીવ બાહ્ય વિષયોમાં ભમાવી રહ્યો છે, પણ બાહ્ય વિષયોમાં સુખ હોય તો મળેને? બાહ્ય વિષયોમાં તો સુખ છે નહીં, ને અંતર્ વિષયમાં એટલે કે નિજ સ્વરૂપમાં ઉપયોગ વાળતો નથી તેથી જ જીવને સુખનું વેદન થતું નથી. સુખ તો પોતાના સ્વરૂપમાં જ છે, તે નિજસ્વરૂપમાં ઉપયોગ જોડતાં અતીન્દ્રિયસુખનું અપૂર્વ વેદન થાય છે. માટે નિજસ્વરૂપનો ઉપયોગ તે સુખ છે; અને તે કર્તવ્ય છે.

"નિજ સ્વરૂપનો ઉપયોગ તે તો ધ્યાન છે; ને અમે તો હજી બાળક છીએ, કે વૃધ્ધ થઇ ગયા છીએ, અગર સ્ત્રી છીએ, તો અમારાથી તે ક્યાંથી થાય? નિજસ્વરૂપનો ઉપયોગ એ તો કોઇ મહાજ્ઞાની મહાત્મા સંતોથી જ થઈ શકે"—આમ સમજીને જો કોઇ તેમાં નિરુત્સાહિત થઇ જતું હોય તો, તેને પ્રોત્સાહિત કરવા ગુરુદેવ ( બીજી લીટીમાં ) લખે છે કે :—

## "તે આબાલ ગોપાળ કરી શકે છે."

અંતરની લગનીથી જે કોઈ જીવ કરવા માંગે તેને નિજસ્વરૂપનો ઉપયોગ થઇ શકે છે. ઉપયોગને અંતર્મુખ કરવા માટે નિજ સ્વરૂપનો અચિંત્ય મહિમા લાવીને વારંવાર તેનું ચિંતન-મનન કરવું જોઇએ. ખરેખરી લગનીપૂર્વક જો પોતાના સ્વરૂપનો મહિમા ચિંતવે તો ઉપયોગ જરૂર તે તરફ વળી જાય.

એક વાર બે મુમુક્ષુ ભેગા થયા; એક મુમુક્ષુએ બીજા મુમુક્ષુને પૂછયું : 'કેમ! કાંઇ પરમાત્મ ધ્યાન કરો છો ખરા?' બીજા મુમુક્ષુએ કહ્યું : 'લે! આપણે એવું ધ્યાન હોય? આપણને કાંઇ એ આવડે?'–ગુરુદેવ કહે છે કે હા; આબાળ ગોપાળ સૌ તે કરી શકે છે.–એટલું ખરૂં છે કે અનાદિના અણઅભ્યાસને લીધે તેના અભ્યાસના પ્રારંભમાં તે અઘરૂં લાગે છે...છતાં કાંઈ તે અશકય નથી કે આપણાથી ન થઈ શકે! માટે, "તે આબાલ ગોપાળ કરી શકે છે" એમ કહીને ગુરુદેવ આત્માર્થી જીવોને પ્રેરણા આપે છે કે અંતરની લગનીથી, આત્માની અતિશય પ્રીતિથી, પોતાના સર્વ પુરુષાર્થને તેમાં જોડીને, નિજ સ્વરૂપમાં ઉપયોગ વાળવાનો પ્રયત્ન કરવો...એટલે કે આત્મધ્યાનનો પ્રયત્ન કરવો. શરૂઆતમાં એ ધ્યાન ન થઇ શકે તો ત્યાં સુધી એવા આત્મધ્યાની સંતોને નજર સમક્ષ રાખીને ફરી ફરીને સતતપણે તેના અભ્યાસમાં આત્માને ઉત્સાહિત કરવો. કારણ કે—

## "એ વિના શાંતિનો બીજો કોઇ ઉપાય નથી."

બસ, 'નિજ સ્વરૂપનો ઉપયોગ તે સુખ છે' અને 'એ વિના શાંતિનો બીજો કોઇ ઉપાય નથી,'–આ રીતે 'અનેકાન્ત' પણ થઈ ગયું; આ જ ભગવાનનો માર્ગ છે. ભગવાનના ૐ ધ્વનિના ઉપદેશનો ટૂંક સાર આમાં આવી જાય છે.

ગુરુદેવના આ હસ્તાક્ષર દ્વારા આત્માર્થી જીવો નિજસ્વરૂપમાં ઉપયોગ જોડવાની પ્રેરણા મેળવો.

# ભેદજ્ઞાન-પ્રશ્નોત્તર

## ( સમયસાર સર્વવિશુદ્ધજ્ઞાન-અધિકાર ઉપરનાં પ્રવચનોમાંથી )

[ આત્મધર્મ અંક ૧૭૬ થી ચાલુ ]

( ૧૫૦ ) પ્ર.–મિથ્યાત્વાદિ કર્મનો નિમિત્ત કર્તા કોણ થાય છે ?

ઉ–જેની દ્રષ્ટિ જ્ઞાયક ઉપર નથી પણ વિકાર ઉપર છે, એવો અજ્ઞાની જીવ મિથ્યાત્વાદિ કર્મના નિમિત્તરૂપ, અજ્ઞાનભાવે પરિણમતો થકો કર્તા થાય છે. જ્ઞાની તો જ્ઞાયક સ્વભાવની દ્રષ્ટિથી જ્ઞાતાભાવપણે જ પરિણમતો થકો મિથ્યાત્વાદિ કર્મનો નિમિત્ત કર્તા પણ થતો નથી, તે અકર્તા છે.

( ૧૫૧ ) પ્ર.–સમકિતી બંધનનો અકર્તા કેમ છે ?

ઉ.–જ્ઞાયકનિધિને અનુભવતો જ્ઞાની, કર્મના નિમિત્ત તરફ ઝૂકતો નથી, મિથ્યાત્વપ્રકૃતિના બંધનું નિમિત્ત થાય–એવો નૈમિત્તિકભાવ તેને છૂટી ગયો છે, ને સમ્યક્ત્વરૂપ અબંધભાવ તેને પ્રગટયો છે. આ રીતે સમકિતી બંધનનો અકર્તા છે.

( ૧૫૨ ) પ્ર.– અકર્તાપણું કયારે થાય ?

ઉ.–પોતે જ્ઞાયક તરફ દ્રષ્ટિનો દોર સાંધીને, જ્ઞાયક તરફ ઝૂકી ગયો, ત્યાં કર્મ તરફનું વલણ છૂટી ગયું, એટલે તે આત્મા કર્મનો અકર્તા થયો, જ્ઞાતાદ્રષ્ટા થયો, સમકિતી થયો.

( ૧૫૩ ) પ્ર.—સમકિતીને ચોથા ગુણસ્થાને સંયત કહી શકાય ?

ઉ.–મિથ્યાત્વદશામાં સર્વથા અસંયમીપણું હતું, ભેદજ્ઞાન થતાં તેવું અસંયમીપણું ટળીને, સમ્યગ્દર્શનની ભૂમિકાને યોગ્ય સંયમીપણું થયું, તે અપેક્ષાએ ચોથા ગુણસ્થાને રહેલા સમકિતી પણ સંયત છે. સ્વરૂપમાં વિશેષ સ્થિરતારૂપ સંયતપણું તો મુનિવરોને હોય છે.

( ૧૫૪ ) પ્ર.–ક્રમબદ્ધ પર્યાયનો જ્ઞાતા કોણ છે ?

ઉ.–જ્ઞાયક સ્વભાવને નહિ દેખતો ને એકલા રાગપરિણામને જ દેખતો જીવ ક્રમબદ્ધ પર્યાયને જાણતો નથી. જ્ઞાન અને રાગનો ભેદ પાડીને, જ્ઞાયક તરફ જે વળ્યો, તે જ્ઞાતા થયો, તે જ જ્ઞાયકપણાના ક્રમબદ્ધ પરિણામે ઊપજતો થકો ક્રમબદ્ધ પર્યાયનો જ્ઞાતા છે.

( ૧૫૫ ) પ્ર.–મિથ્યાદ્રષ્ટિ ક્રમબદ્ધપર્યાયનો જ્ઞાતા છે ?

ઉ.–ના; તેને જ્ઞાયકસ્વભાવની ખબર નથી તેથી તે ક્રમબદ્ધપર્યાયને પણ ખરેખર જાણતો નથી.

( ૧૫૬ ) પ્ર.–તો અજ્ઞાનીને ક્રમબદ્ધ પર્યાય છે કે નથી ?

ઉ.–અજ્ઞાનીને પણ ક્રમબદ્ધપર્યાય તો છે, પણ તેને જ્ઞાયકસ્વભાવની દ્રષ્ટિ નથી, તેથી તે અશુદ્ધ ક્રમબધ્ધપર્યાય થાય છે, ને તે કર્મના કર્તાપણે પરિણમે છે. જ્ઞાયક જાગ્યો ત્યાં ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થયો ને તેને શુદ્ધતાના ક્રમની શરૂઆત થઇ ગઈ.

( ૧૫૭ ) પ્ર.–ક્રમબદ્ધપર્યાયનો જ્ઞાતા રાગમાં વ્યાપ્યવ્યાપકપણે ઊપજે છે કે નહિ ?

ઉ.–જ્ઞાયકસ્વભાવની જેને દ્રષ્ટિ થઈ છે તે જ્ઞાનભાવ

સાથે જ વ્યાપ્યવ્યાપકપણે થઇને ક્રમબદ્ધપર્યાયે ઊપજે છે, પણ રાગ સાથે વ્યાપ્યવ્યાપકપણે તે ઊપજતો નથી. રાગ સાથે વ્યાપ્યવ્યાપકપણે (એકતા બુદ્ધિપણે) જે ઊપજે છે. તેને જ્ઞાનસ્વભાવની દ્રષ્ટિ નથી, ને તેથી તેને ક્રમબદ્ધ પર્યાયનું જ્ઞાતાપણું પણ નથી. ક્રમબદ્ધ પર્યાયનો જ્ઞાતા તો જ્ઞાનભાવ સાથે જ વ્યાપ્યવ્યાપકપણે ઊપજે છે.

(૧૫૮) પ્ર.–સર્વ વિશુદ્ધ જ્ઞાનનો અધિકારી કોણ છે?

ઉ.–ઉપર્યુક્ત જ્ઞાતા જ સર્વ વિશુદ્ધ જ્ઞાનનો અધિકારી છે.

(૧૫૯) પ્ર.–કર્મફળનો ભોક્તા કોણ છે?

ઉ.–જ્ઞાયક સ્વભાવ તરફ વળીને આનંદનું ભોક્તાપણું જેણે પ્રગટ નથી કર્યું એવો અજ્ઞાની જ કર્મના ફળનો ભોક્તા થાય છે. જ્ઞાની તો જ્ઞાયક ભાવમાં જ સ્થિત થયો હોવાથી તે કર્મના ફળનો ભોક્તા થતો નથી, તે તો જ્ઞાયક જ છે.

(૧૬૦) પ્ર.–સમકિતી શેનો ભોક્તા છે?

ઉ.–જ્ઞાયક સ્વભાવ આનંદમૂર્તિ હું છું–એમ અનુભવતો જ્ઞાની પોતાના જ્ઞાન–આનંદનો જ ભોક્તા છે–હર્ષ–શોકના પરિણામ તે હું નહિ–એવી તેનાથી ભિન્નતાની પ્રતીતિ હોવાથી જ્ઞાની ખરેખર તે હર્ષ–શોકનો ભોક્તા નથી, ‘હું તો અતીન્દ્રિય આનંદ છું’–એમ તે અતીન્દ્રિય આનંદનો જ ભોક્તા છે.

(૧૬૧) પ્ર. – હર્ષ–શોક વગેરે અશુદ્ધતાનું વેદન કેમ છૂટે?

ઉ. –જ્ઞાનને જે હર્ષ–શોકમાં એકાગ્ર કર્યું છે તેને બદલે અંતરમાં વાળીને જ્ઞાયકભાવમાં એકાગ્ર કરતાં અતીન્દ્રિય આનંદનું સંવેદન થાય છે ને હર્ષશોકનું વેદન છૂટી જાય છે. આનંદના વેદનથી તે આત્મા તૃપ્ત તૃપ્ત થઈ જાય છે.

(૧૬૨) પ્ર. – સમકિતીનું સુખ કેવું છે?

ઉ.–સમકિતીને સ્વભાવસુખનું સંવેદન છે. સમકિતીનું તે સુખ કેવળીભગવાન જેટલું નથી, તોપણ તેની જાત તો કેવળીભગવાન જેવી જ છે.

(૧૬૩) – કોણ કોનો ભોક્તા છે?

ઉ.–જ્ઞાયકસ્વભાવને જ પોતાનું સ્વરૂપ માનીને તેમાં જે એકાગ્ર થયો છે તે તો જ્ઞાયકસ્વભાવના આનંદનો જ ભોક્તા છે; અને જ્ઞાયકસ્વભાવને પોતાનું સ્વરૂપ ન જાણતાં, પ્રકૃતિના સ્વભાવને જ જે પોતાનું સ્વરૂપ માને છે તે કર્મના ફળનો જ ભોક્તા છે. આ રીતે જ્ઞાની તો પોતાના આત્મિક આનંદનો જ ભોક્તા છે ને અજ્ઞાની હર્ષ–શોકનો જ ભોક્તા છે. પરદ્રવ્યનો ભોક્તા તો જ્ઞાની કે અજ્ઞાની કોઈ નથી.

(૧૬૪) પ્ર.–જ્ઞાની આનંદનો જ ભોક્તા છે ને અજ્ઞાની હર્ષ–શોકનો જ ભોક્તા છે,–આવો નિયમ સમજીને શું કરવું?

ઉ.–હે નિપુણ પુરુષો! હે આત્માર્થી જીવો! આવો નિયમ બરાબર વિચારીને તમે અજ્ઞાનીપણાને છોડો, ને શુદ્ધ આત્મામાં નિશ્ચલ થઈને જ્ઞાનીપણાને સેવો,–તેના આનંદને અનુભવો. રાગ–દ્વેષ હર્ષ–શોક તે હું–એવી બુદ્ધિ છોડો, ને જ્ઞાયકસ્વભાવ તે હું—એવી સ્વસન્મુખ પ્રતીતિ કરીને આત્માના આનંદનો અનુભવ કરો. ચૈતન્યસત્તાના અતીન્દ્રિય આનંદમાં એકાગ્ર થઈને તેને ભોગવો. –એમ શ્રી ગુરુઓની પ્રેરણા છે.

## સંતોના હૃદયમાં જિનેન્દ્રદેવ બિરાજે છે

નિયમસારમાં, ટીકાકાર મુનિરાજ, પોતાના હૃદયમાં જિનેન્દ્ર ભગવાનને સ્થાપીને મંગલાચરણ કરતાં કહે છે કે : હે જિનનાથ! આપના જેવા પૂર્ણ વીતરાગ સર્વજ્ઞદેવ જ્યાં મારા હૃદયમાં બિરાજે છે ત્યાં બીજા રાગી–અજ્ઞાની પ્રાણીઓને હું કેમ નમું? હે નાથ! મારા હૃદયમાં તો મેં આપને જ સ્થાપ્યા છે, મારા હૃદયમાં આપ હોતાં હું બીજાને કેમ નમું? –પ્રવચનમાંથી

# વાત્સલ્ય

**ધર્મ અને ધર્માત્મા પ્રત્યેનું વાત્સલ્ય એ સમ્યક્ત્વનું એક ખાસ અંગ છે; એ વાત્સલ્યઅંગના દ્રષ્ટાંતમાં વિષ્ણુકુમાર પ્રસિદ્ધ છે, અને તે વાત્સલ્યના દિવસ તરીકે શ્રાવણ સુદ પૂર્ણિમા (જેને રક્ષાપર્વ પણ કહેવામાં આવે છે તે) પ્રસિદ્ધ છે; કેમકે તે દિવસે પરમ વાત્સલ્યપૂર્વક વિષ્ણુકુમારે ૭૦૦ મુનિઓની રક્ષા કરી હતી, અને નગરજનોએ તે ‘રક્ષાનું મોટું પર્વ’ ઊજવ્યું હતું. શ્રાવણ સુદ પૂર્ણિમાના એ વાત્સલ્ય–પ્રસંગની કથા અહીં આપવામાં આવી છે.**

૧૯ મા તીર્થંકર ભગવાન શ્રી મલ્લિકુમારના શાસનમાં બનેલો આ પ્રસંગ છે. તે વખતે ઉજ્જયિની નગરીમાં શ્રીવર્મા નામે રાજા હતો, તે વિદ્વાન્ અને ધર્માત્મા હતો. તેને ચાર રાજમંત્રી હતા–બલિ, બૃહસ્પતિ, પ્રહ્લાદ અને નમુચિ. તે ચારે મંત્રીઓ દુષ્ટ અને ધર્મના દુશ્મન હતા; તે મંત્રીઓથી ઘેરાએલો રાજા એવો લાગતો હતો–જાણે કે ઝેરી સર્પોથી વીંટાયેલું ચંદનવૃક્ષ હોય!

એક વાર શ્રી અકંપન આચાર્ય સાતસો મુનિઓના મોટા સંઘ સહિત વિચરતા વિચરતા ઉજ્જયિની નગરીમાં પધાર્યા...અને નગરીમાં એ સમાચાર સાંભળતાં જ, પૂજનદ્રવ્ય લઇને અતિ ભક્તિપૂર્વક નગરજનો તેમના દર્શન માટે સમુદ્રની જેમ ઉમટી પડયા. નગરમાં એકાએક આનંદની આવી ધામધૂમ દેખીને રાજાએ મંત્રીઓને પૂછયું કે આ બધા લોકો આજે સજધજપૂર્વક કયાં જઇ રહ્યા છે? દુષ્ટ મંત્રીઓએ કહ્યું: મહારાજ! શહેરના ઉદ્યાનમાં નગ્ન જૈન સાધુઓ આવ્યા છે તેમની પૂજા માટે આ બધા જઇ રહ્યા છે. તે સાંભળીને રાજાએ પ્રસન્નતાથી કહ્યું કે ચાલો, આપણે પણ તેમનાં દર્શન કરવા જઇએ, તેઓ કોઇ મહાપુરુષ હશે. મંત્રીઓની અનિચ્છા છતાં રાજા તો મુનિઓનાં દર્શન કરવા ગયો, મંત્રીઓ પણ સાથે ગયા.

સંઘના નાયક શ્રી અંકપન આચાર્ય દ્વાદશાંગના પાઠી અને નિમિત્તજ્ઞાની હતા; નિમિત્તજ્ઞાનથી કોઇ અનીષ્ટ પ્રસંગ જાણીને તેમણે સંઘના સમસ્ત મુનિઓને આજ્ઞા કરી કે અહીં રાજા, મંત્રી વગેરે દર્શન કરવા આવે તો તેની સાથે કોઇએ વાદવિવાદ ન કરવો, નહીં તો સંઘ ઉપર ઉપદ્રવ થશે.

જ્યારે રાજા અને મંત્રીઓ દર્શન કરવા આવ્યા ત્યારે, ગુરુઆજ્ઞા અનુસાર બધા મુનિઓ મૌનપણે આત્મધ્યાનમાં લીન હતા. ધ્યાનસ્થ મુનિઓની ઉપશાંત

મુદ્રા દેખીને રાજા ઘણો પ્રસન્ન થયો...એ રીતે મુનિઓનાં દર્શન કરીને રાજા નગર તરફ પાછો આવતો હતો ત્યારે મંત્રીઓએ કહ્યું–'જોયું ને રાજન્! આ બધા મુનિઓ મૂર્ખ છે, તેઓને બોલતાં પણ નથી આવડતું, તેથી જ તેઓ ધ્યાનનો ઢોંગ કરીને મૌનપણે બેસી ગયા'...આમ મુનિઓની નિંદા કરતાં કરતાં મંત્રીઓ ચાલ્યા જતા હતા.

એવામાં સામેથી શ્રુતસાગર નામના એક મુનિ આવી રહ્યા હતા. તેઓ ગામમાં આહાર માટે ગયેલા, તેથી આચાર્ય મહારાજની આજ્ઞા તેમને માલુમ ન હતી. તે મુનિને દેખીને પાપી મંત્રીઓએ તેની નિંદા કરતાં રાજાને કહ્યું: દેખો, આ મુનિ પેટ ભરીને બળદની જેમ ચાલ્યા આવે છે. મુનિએ મંત્રીઓના આ નિંદાવચનો સાંભળ્યા...સાંભળીને પણ તેમનું કર્તવ્ય હતું કે તેઓ શાંત રહે, પરંતુ તેઓ મુનિસંઘની નિંદા સહન ન કરી શકયા અને બીજું ગુરુ–આજ્ઞાની પણ તેમને ખબર ન હતી તેથી તેમણે મંત્રીઓને કહ્યું 'તમને તમારી વિદ્યાનું ખોટું અભિમાન છે; જો તમારામાં કાંઇ વિદ્યા હોય તો મારી સાથે શાસ્ત્રાર્થ કરો...પછી તમને ખબર પડશે કે બળદ જેવું કોણ છે!' અભિમાની મંત્રીઓ એ વાત સાંભળીને છંછેડાઇ પડયા અને તેઓએ મુનિ સાથે શાસ્ત્રાર્થ કર્યો, પરંતુ જેમ એક જ સૂર્ય ચારે દિશાના અંધકારને નષ્ટ કરે તેમ શ્રુતસાગર મુનિએ સ્યાદ્વાદ યુક્તિના બળથી ક્ષણમાત્રમાં ચારે મંત્રીઓને નિરુત્તર કરી દીધા અને અપમાનિત થયેલા એ મંત્રીઓ એ વખતે તો રાજાની સાથે નગરમાં ચાલ્યા ગયા. શ્રુતસાગરમુનિ સંઘમાં આવ્યા.

આચાર્ય પાસે આવીને તેમણે રસ્તામાં બનેલી ઘટના કહી સંભળાવી. તે સાંભળતાં જ આચાર્ય મહારાજે કહ્યું : અરે! તમે તેમની સાથે શાસ્ત્રાર્થ કર્યો એ બહુ અયોગ્ય થયું... સંઘ ઉપર ઉપદ્રવ આવી પડશે... જે થયું તે થઈ ગયું... હવે આખા સંઘની રક્ષા ખાતર તમે પાછા જાઓ અને જે સ્થળે મંત્રીઓ સાથે વાદવિવાદ થયો હતો તે જ સ્થળે જઇને કાયોત્સર્ગ–ધ્યાનમાં ઊભા રહો. આચાર્યદેવની આજ્ઞા સાંભળીને શ્રુતસાગર મુનિરાજ જરા પણ વિચલિત થયા વગર, મુનિસંઘની રક્ષા ખાતર ત્યાંથી પાછા ચાલ્યા, ને શાસ્ત્રાર્થનાં સ્થાને જઇને મેરુ સમાન નિશ્ચલપણે ધૈર્યપૂર્વક કાયોત્સર્ગ ધ્યાનમાં ઊભા.

આ તરફ પરાજીત થયેલા મંત્રીઓ પોતાના માનભંગનું વેર લેવા માટે રાત્રે મુનિનો વધ કરી નાંખવાના વિચારથી શહેરની બહાર આવ્યા... અને શાસ્ત્રાર્થના સ્થાને ઊભેલા મુનિરાજને દેખીને, 'આ આપણું અપમાન કરનાર છે માટે તેને સૌથી પહેલાં પરલોક પહોંચાડી દઇએ'—એવી દુષ્ટ ઇચ્છાથી, ચારે મંત્રીઓએ એક સાથે તલવાર ઊગામી,... અને.. ઊંચી કરેલી તલવાર જ્યાં મુનિ ઉપર ઝીંકવા જાય છે ત્યાં તો...!

...મુનિરાજના પુણ્યપ્રભાવે ત્યાં વનદેવી આવી પહોંચી, અને ચારે દુષ્ટ મંત્રીઓને એ જ સ્થિતિમાં ઉગામેલી તલવાર સહિત કિલીત કરી દીધા... ખીલીની જેમ તેઓ એવા ખોડાઇ ગયા કે આખી રાત ત્યાંથી ન હાલી શકયા– ન ચાલી શકયા.

સવાર પડી... અનેક નગરજનો ત્યાંથી નીકળ્યા... અને આશ્ચર્યપૂર્વક તેમણે જોયું કે એક મુનિરાજ અડગપણે આત્મધ્યાનમાં ઊભા છે, ને ચારે મંત્રીઓ તલવાર ઉગામેલી હાલતમાં જ ત્યાં ચોંટી ગયા છે! જોત–જોતામાં વીજળીની જેમ આખા નગરમાં એ વાત પ્રસરી ગઇ. મંત્રીઓની દુષ્ટતા પણ સર્વત્ર ફેલાઇ ગઇ. આખું શહેર ત્યાં આવી પહોંચ્યું. રાજા પણ આવી પહોંચ્યા... પ્રજા અને રાજા સૌ તે મંત્રીઓને ધિક્કારવા લાગ્યા. રાજાએ કહ્યું: અરે, દુષ્ટ પાપીઓ! તમે આ નિર્દોષ સાધુઓની હત્યા કરવા આવ્યા હતા... ધિક્કાર છે તમને! આવા પાપી જીવ મારી નગરીમાં ન જોઇએ. આમ કહીને ચારે મંત્રીઓને ગધેડા ઉપર બેસાડીને દેશની બહાર કાઢી મૂકયા... તે મંત્રીઓ હસ્તિનાપુર તરફ ચાલ્યા ગયા...

આ રીતે ધર્મના પ્રભાવથી મુનિઓની રક્ષા થઇ તેથી નગરના લોકોને ઘણો જ આનંદ થયો... ધર્મનો આવો પ્રભાવ દેખીને તેઓ પોતાના હૃદયમાં હર્ષને રોકી ન શકયા.. તેઓએ મોટા જ્યધ્વનિવડે આકાશ–પાતાળને એક કરી નાંખ્યા : **जैन धर्मकी...जय हो...**

મુનિસંઘ ઉપરનો ઉપદ્રવ દૂર થયો–એમ સમજીને સર્વે મુનિઓએ પોતાનું ધ્યાન સમાપ્ત કર્યું... અને અકંપન આચાર્ય ૭૦૦ મુનિઓના સંઘ સહિત ઉજ્જયિની નગરીથી વિહાર કરીને, પૃથ્વીને પાવન કરતા થકા દેશોદેશ વિચરવા લાગ્યા.

* * * * *

તે સમયે હસ્તિનાપુરી નગરીમાં મહાપદ્મ નામના નવમા ચક્રવર્તી રાજ્ય કરતા હતા. તેમને પદ્મકુમાર, વિષ્ણુકુમાર વગેરે અનેક પુત્રો તથા પુત્રીઓ હતા. એક વાર તેની આઠ પુત્રીઓને વિદ્યાધરો હરી ગયા, ચક્રવર્તીના યોદ્ધાઓ વિદ્યાધરોને હરાવીને આઠે પુત્રીઓને પાછી લાવ્યા. આ પ્રસંગને લીધે સંસારથી વિરક્ત થઈને આઠે પુત્રીઓએ અર્જિકાવ્રત ધારણ કર્યા, વિદ્યાધરોએ પણ મુનિવ્રત ધારણ કર્યાં... અને ચક્રવર્તી મહાપદ્મ પણ સંસારથી વિરક્ત થઇને, પોતાના પુત્ર પદ્મકુમારને રાજ્ય સોંપીને મુનિ થઇ ગયા...તેમના પુત્ર વિષ્ણુકુમારે પણ તેમની સાથે સાથે જ મુનિદીક્ષા ધારણ કરી. આ રીતે પિતા–પુત્ર બંનેએ શ્રુતસાગર મુનિરાજ પાસે જઇને જિનદીક્ષા અંગીકાર કરી. વિશેષ તપશ્ચર્યાના પ્રભાવે વિષ્ણુકુમાર મુનિરાજને વિક્રિયાઋધ્ધિ પ્રગટી; પરંતુ એ મુનિરાજ તો આત્મસાધનામાં એવા લીન છે કે વિક્રિયાઋદ્ધિ પ્રગટી તેની તેમને ખબર પણ નથી.

હવે આ તરફ ઉજ્જયિની નગરીમાંથી કાઢી મુકાયેલા બલિ વગેરે ચારે મંત્રીઓ ફરતા ફરતા હસ્તિનાપુરીમાં આવી પહોંચ્યા... અને હસ્તિનાપુરીના પદ્મરાજાને જે ઘણા વખતથી હેરાન કરતો હતો તે સિંહબલ રાજાને તેઓ યુક્તિથી પકડી લાવ્યા; આથી પદ્મરાજા તે મંત્રીઓ પર ઘણો ખુશી થયો ને તેઓને પોતાનું મંત્રીપદ આપ્યું, અને કહ્યું કે તમારી જે ઇચ્છા હોય તે માંગો, હું તમને વરદાન આપું છું. મંત્રીઓએ કહ્યું : મહારાજ! હમણાં અમારું વરદાન આપની પાસે જમા રાખો. જરૂર પડયે અમે માંગી લેશું. રાજાએ કહ્યુંઃ જેવી તમારી ઇચ્છા.

હવે, શ્રી અકંપન આચાર્ય ૭૦૦ મુનિઓના સંઘ સહિત, ધર્મવર્ષાવડે પૃથ્વીને પાવન કરતા કરતા હસ્તિનાપુરીમાં પધાર્યા. અને ત્યાં જ એક ઉદ્યાનમાં ચાતુર્માસ યોગ ધારણ કર્યો. પ્રજાજનો અતિ હર્ષપૂર્વક ધામધુમથી તેમની વંદના કરવા ગયા. અકંપનઆચાર્યનો સંઘ આવવાના સમાચાર સાંભળતાં જ બલિ વગેરે દુષ્ટ મંત્રીઓ, ઉજ્જયિનીમાં થયેલા પોતાના અપમાનનો બદલો લેવા માટે તીવ્ર દ્વેષાગ્નિથી ભભૂકી ઊઠયા અને કોઈ પણ રીતે અપમાનનો બદલો લેવાનું તેઓએ વિચાર્યું. પરંતુ, તેઓ જાણતા હતા કે રાજા પદ્મ તે મુનિઓનો મહાન ભક્ત છે, ને તેની પાસે પોતાનું કાંઇ ચાલશે નહીં. પરંતુ દુષ્ટ બલિને એકાએક પૂર્વનું વરદાન યાદ આવ્યું.—તેણે કહ્યુંઃ ચિંતા ન કરો...રાજા પાસે આપણું વરદાન લેણું છે તેના બદલામાં અત્યારે આપણે સાત દિવસનું રાજ્ય માંગી લઇએ...બસ, રાજસત્તા આપણા હાથમાં આવ્યા પછી રાજા પણ આપણા કામમાં ડખલગીરી નહીં કરી શકે.

—એ પ્રમાણે વિચાર કરીને દુષ્ટ મંત્રીઓ રાજા પાસે આવ્યા, ને વરદાન માંગતા કહ્યું : મહારાજ! અમારું વરદાન લેણું છે, તેના બદલામાં અત્યારે અમને સાત દિવસનું રાજ્ય આપો. મંત્રીઓની આ માંગણી સાંભળતાં જ રાજા તો અવાક્ થઇ ગયો. તેને મહાન અનર્થની શંકા થઇ. પરંતુ વચન આપી ચૂકયો હોવાથી તે લાચાર હતો તેથી સાત દિવસ માટે દુષ્ટ મંત્રીઓના હાથમાં રાજસત્તા આવી પડી. રે! મનુષ્યના હાથમાંથી રાજસત્તા રાક્ષસોના હાથમાં ચાલી ગઇ!

બસ, થઇ ચૂકયું! રાજસત્તા હાથમાં આવતાં વેંત જ એક મોટા યજ્ઞના બહાને તેઓએ મુનિસંઘ ઉપર ઘોર ઉપદ્રવ શરૂ કરી દીધો...મુનિસંઘ જ્યાં બિરાજમાન હતો ત્યાં જ તેને ફરતો યજ્ઞમંડપ રચીને, તેમાં લાકડાના ઢગલે ઢગલા ખડકાવીને ચારેકોર મોટો અગ્નિ કર્યો...ને અનેક નિર્દોષ પશુઓને તેમાં હોમવા માંડયા–આ રીતે ૭૦૦ મુનિઓના સંઘ ઉપર એ નરાધમોએ ઘોર ઉપસર્ગ કર્યો. આ મહાપાપને નહિ દેખી શકવાથી સૂર્ય પણ અસ્ત થઈ ગયો.

આ બાજુ શાંતમૂર્તિ મુનિવરો તો અત્યંત ધીરતાપૂર્વક ઉપસર્ગ સહતા થકા, મેરુસમાન અડગચિત્તથી પરમાત્મધ્યાન કરવા લાગ્યા! અહા...તેમને તો શત્રુ–મિત્ર પ્રત્યે સમદર્શિતા વર્તે છે, બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નથી કે ઘોર પરિષહના ભયથી પણ તેઓ ચલાયમાન થતા નથી. અહા, અતિશય વીતરાગતાવડે જેમણે પોતાના આત્માને ખૂબ ઉન્નત બનાવી દીધો છે એવા જૈન મુનિવરો શું ઉપદ્રવોથી ભયભીત થાય છે? કદી નહીં! મુનિવરો તો શાંતચિત્તે ઉપસર્ગ સહતા થકા આત્મચિંતનમાં લીન છે.

મુનિસંઘ ઉપરના આવા ઘોર ઉપસર્ગની ખબર પડતાં જ હસ્તિનાપુરીમાં હા–હાકાર થઇ ગયો! શ્રાવકોમાં અતિ ચિંતા છવાઇ ગઈ... અને હજારો શ્રાવકોએ પ્રતિજ્ઞા કરી કે જ્યાંસુધી આ મુનિસંઘ ઉપરનો ઉપસર્ગ દૂર ન થાય અને તેઓ નિર્વિઘ્નપણે

આહાર ન કરે ત્યાંસુધી અમારે પણ આહારજળનો ત્યાગ છે. ધન્ય, એ શ્રાવકો. !

+ + +

જ્યારે હસ્તિનાપુરીમાં ઉપરોક્ત પ્રસંગ બની રહ્યો હતો ત્યારે, વિષ્ણુકુમારના ગુરુ શ્રી શ્રુતસાગર મુનિરાજ મિથિલાનગરીમાં બિરાજતા હતા, તેઓ નિમિત્તજ્ઞાન (જ્યોતિષ વગેરે)ના જાણકાર હતા. આકાશમાં એકાએક શ્રવણ નક્ષત્રને ધ્રૂજતું દેખીને અને તે ઉપરથી ૭૦૦ મુનિઓ ઉપરનો ઘોર ઉપદ્રવ જાણીને, મુનિસંઘ ઉપરના અતિ વાત્સલ્યને લીધે તેમના મુખમાંથી "હા...!" એવો ઉદ્‌ગાર નીકળી પડયો. ગુરુના મુખથી અચાનક એવો ઉદ્‌ગાર સાંભળતાં જ પુષ્પદંત નામના ક્ષુલ્લકે તેનું કારણ પૂછયું. મુનિરાજે કહ્યું કે મુનિસંઘ ઉપર ઘોર ઉપસર્ગ થઈ રહ્યો છે! 'કયાં?' હસ્તિનાપુરમાં, અકંપન આચાર્યના ૭૦૦ મુનિઓના સંઘ ઉપર પાપી બલિદ્વારા અત્યારે મોટો ઉપદ્રવ વરસી રહ્યો છે. – એ સાંભળતાં જ પુષ્પદંત – શ્રાવકને પણ મુનિસંઘ ઉપર વાત્સલ્ય ઊભરાઈ આવ્યું, અને તરત પૂછયું – પ્રભો! મુનિસંઘની રક્ષાનો કોઈ ઉપાય? શ્રી મુનિરાજે કહ્યું: હા, વિષ્ણુકુમાર મુનિને વિક્રિયાલબ્ધિ પ્રગટી છે અને તે ૠદ્ધિના બળથી તેઓ આ ઉપસર્ગને અટકાવીને મુનિસંઘની રક્ષા કરી શકે તેમ છે.

તરત જ પુષ્પદંત–શ્રાવક વિષ્ણુકુમારમુનિ પાસે પહોંચ્યા અને શ્રી ગુરુએ કહેલ બધો હાલ તેમને સંભળાવ્યો. વિષ્ણુકુમારમુનિને પોતાની વિક્રિયાલબ્ધિની તો ખબર પણ ન હતી. પુષ્પદંત પાસેથી તેની વાત સાંભળીને પરીક્ષા કરવા તેમણે પોતાનો હાથ લંબાવ્યો, તો કયાંય પણ અટકયા વગર તે હાથ દૂર દૂર સુધી ફેલાઇ ગયો. મુનિસંઘ ઉપરનો ઉપદ્રવ સાંભળીને તરતજ તેમના હૃદયમાં સાધક સંતો પ્રત્યેનું અતિશય વાત્સલ્ય ઊભરાઈ આવ્યું અને તત્ક્ષણ તેઓ હસ્તિનાપુર આવ્યા...ત્યાં રાજા પદ્મ કે જે તેનો ભાઈ જ હતો–તેની પાસે જઈને કહ્યું : અરે બંધુ! આ શું તારા રાજમાં મુનિઓ ઉપર અત્યાચાર!! રાજા પદ્મે વિષ્ણુકુમારના પગે પડીને આંસુ–નીતરતી આંખે કહ્યું : પ્રભો! રાજસત્તા મારા હાથમાં નથી રહી. દુષ્ટ બલિએ મને વચનબધ્ધ કરીને રાજસત્તા પોતાના હાથમાં લઈ લીધી છે તેથી હું લાચાર છું. હે નાથ! આપ મહાસમર્થ છો માટે કોઇ પણ ઉપાયે આપ જ આ ઉપસર્ગ દૂર કરીને શીઘ્ર મુનિસંઘની રક્ષા કરો.

વાત્સલ્યપ્રધાન વિષ્ણુકુમારે મુનિપણું છોડીને, વિક્રિયાૠદ્ધિથી ઠીંગુજી બ્રાહ્મણનો વેષ બનાવ્યો અને યજ્ઞમંડપમાં આવીને પોતાના સુમધુર વચનોથી બલિરાજાએ પ્રસન્ન કરી દીધો. બલિરાજાએ તેમને કહ્યું: આપ જે જોઇએ તે માંગો. ઠીંગુજી બ્રાહ્મણે કહ્યું: મને સર્વવાતનો સંતોષ છે, મારે કાંઇ જોઇતું નથી. રાજાએ વિશેષ આગ્રહ કર્યો ત્યારે તેણે કહ્યું: ઠીક છે, આપનો આટલો આગ્રહ છે તો મને માત્ર ત્રણ પગલાં જમીન આપો. રાજાએ આશ્ચર્યપૂર્વક ત્રણ પગલાં જમીન આપવાનું વચન દીધું અને કહ્યું કે મહારાજ! આપ આપના પગલાંથી જમીન માપી લો,

બસ...થઇ ચૂકયું... રાજાએ વચન આપતાં જ ઠીંગુજી બ્રાહ્મણનું રૂપ એકદમ વધવા લાગ્યું... એને જોતાં જ દુષ્ટ બલિની આંખો ફાટી રહી. અરે! આ શું? વિષ્ણુકુમારે કહ્યું: રે દુષ્ટ બલિ! દેખ, મારો એક પગ મેરુ ઉપર ને બીજો પગ માનુષોત્તર ઉપર છે; બોલ, હવે ત્રીજો પગ કયાં મૂકું? વિષ્ણુકુમારની આ મહાન વિક્રિયાથી પૃથ્વીમાં ચારેકોર કોલાહલ છવાઈ ગયો. દેવો પણ આશ્ચર્યથી ગભરાઈને ત્યાં દોડી આવ્યા અને દુષ્ટ બલિને બાંધીને, વિષ્ણુકુમારની સ્તુતિ કરતાં કહ્યું: પ્રભો! ક્ષમા કરો...ક્ષમા કરો. દુષ્ટ બલિનું આ દુષ્કર્મ છે, તે આપનાં ચરણોમાં ઉપસ્થિત છે, પ્રભો! ક્ષમા કરો. ક્ષમા કરીને આપની વિક્રિયાને સંકોચો.

બલિ વગેરે મંત્રીઓ પણ વિષ્ણુકુમારના ચરણોમાં ઢળી પડયા ને પોતાના ઘોર અપરાધની વારંવાર ક્ષમા માંગી... પોતાના મહાપાપકાર્ય ઉપર ફરીફરીને પશ્ચાત્તાપ કર્યો. તરત જ અકંપન આચાર્ય આદિ ૭૦૦ મુનિવરો ઉપરનો ઉપદ્રવ એકદમ દૂર થયો, વિષ્ણુકુમારે વિક્રિયા પણ સંકેલી લીધી... ને સર્વત્ર શાંતિ છવાઇ ગઇ. રાજા, ચારે મંત્રીઓ તથા સમસ્ત પ્રજાજનો અતિશય ભક્તિપૂર્વક અકંપન આચાર્યની વંદના કરવા ગયા... અને તેમના ચરણે પડીને ચારે મંત્રીઓએ પોતાના ઘોર અપરાધની ક્ષમા માંગી, એટલું જ નહી પરંતુ ત્યારથી હિંસામય મિથ્યામત છોડીને પવિત્ર જૈનધર્મના ઉપાસક બન્યા. જૈનધર્મના જય જયકારથી હસ્તિનાપુરી ગાજી ઊઠી.

આ રીતે ૭૦૦ મુનિવરોના સંઘ ઉપરનો ઉપસર્ગ દૂર થતાં મુનિવરો આહારચર્યા માટે

નગરીમાં પધાર્યા...અહા! હસ્તિનાપુરીના નગરજનોના આનંદની શી વાત? મુનિવરોને પોતાના આંગણે પધારેલા દેખીને હસ્તિનાપુરના શ્રાવકોના રોમેરોમ ભક્તિ અને હર્ષથી ઝણઝણી રહ્યા છે... આખી નગરીમાં અભૂતપૂર્વ ઉત્સવ છવાઈ રહ્યો છે... ઠેરઠેર ઘેરઘેર નવધા ભક્તિપૂર્વક શ્રાવકજનો મુનિવરોને આહાર કરાવી રહ્યા છે... મુનિભગવંતોને દેખીદેખીને આખી નગરી જાણે કે વાત્સલ્યના દરિયામાં ડુબી ગઇ છે.

એ દિવસ હતો શ્રાવણ સુદ પૂર્ણિમા... વાત્સલ્યના પૂરને લીધે એ 'વાત્સલ્યપૂર્ણિમા' કહેવાણી; મુનિવરોની રક્ષાના મહાન પર્વને લીધે એ દિવસ 'રક્ષા–પર્વ' તરીકે પ્રસિદ્ધ થયો.

મુનિસંઘ ઉપરનો ઉપસર્ગ દૂર થયા પછી જ આહાર–પાણી લેવાની જે શ્રાવકોએ પ્રતિજ્ઞા કરી હતી તેઓએ પણ મુનિવરોને ભક્તિપૂર્વક આહાર કરાવ્યા બાદ ભોજન કર્યું. શ્રી વિષ્ણુકુમાર પણ પોતાનું મુનિરક્ષાનું કાર્ય પૂરું કરીને તરત જ ગુરુ પાસે ગયા, અને પોતે મુનિપણાથી ચ્યુત થયા તે બદલ યોગ્ય પ્રાયશ્ચિત લઈને, ફરી મુનિપણું અંગીકાર કરી, ઉગ્ર આત્મધ્યાનની શ્રેણીવડે કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષ પામ્યા.–એ પરમ વાત્સલ્યધારી વિષ્ણુકુમાર અમારી પણ ભવસમુદ્રથી રક્ષા કરો.

*****

## સુખ

તમારે સુખ જોઇએ છે?

હા.

તે સુખ કાયમ ટકે એવું જોઈએ કે ક્ષણિક?

કાયમ ટકે એવું સુખ જોઇએ.

ઠીક; તે સુખ કેમ મળે તેના કારણની ખબર છે?

ના;

તો સુખના કારણને જાણ્યા વગર તેની પ્રાપ્તિ કયાંથી થાય?

ન જ થાય;

માટે જો સુખી થવા ઇચ્છતા હો તો સુખનું કારણ જાણવું જોઈએ.

પ્રભો! સુખનું કારણ શું છે?

સાંભળ, હે જિજ્ઞાસુ! સુખ આત્મામાં છે, તેથી આત્માને ઓળખીને તેમાં એકાગ્ર થવું તે જ સુખનું કારણ છે.

– લાઠીના પ્રવચનમાંથી.

# અનેકાન્તમૂર્તિ ભગવાન આત્માની કેટલીક શક્તિઓ




## [ ૪૬ ] અધિકરણશક્તિ

આત્માના સમ્યગ્દર્શનરૂપી જે પુત્ર, તેનો આધાર કોણ ?–કે અધિકરણ શક્તિરૂપી માતા જ તેનો આધાર છે...જેમ લોકમાં બાળકને માતાનો આધાર, શિષ્યને ગુરુનો આધાર, પ્રજાને રાજાનો આધાર, એમ ભિન્ન આધાર કહેવાય છે, તેમ આત્મામાં ધર્મનો આધાર શું ? પોતાની અધિકરણશક્તિને લીધે આત્મા પોતે જ પોતાના ધર્મનો આધાર છે, બીજા કોઈ ભિન્ન આધારની તેને જરૂર નથી પડતી.

વનવાસ વખતે, સીતાજીને બહારમાં રામનો વિયોગ થયો પણ અંતરમાં આતમરામનો વિયોગ નથી થયો...વનવાસ વખતે ય નિઃશંકપણે તેને ભાન છે કે અમને અમારા ચિદાનંદ સ્વભાવનો જ આધાર છે...આ વન કે સિંહ, વાઘની ગર્જનાઓ તે કોઇ સંયોગ અમને અમારા સ્વભાવના આધારથી છોડાવવા સમર્થ નથી. ઉપર આભ ને નીચે ધરતી, ભલે કોઇ સગાંસંબંધી ન હો, છતાં અમે અશરણ નથી, અંતરમાં અમારો ચિદાનંદ સ્વભાવ જ અમારું મોટું શરણ છે. રાજમહેલ અમને શરણભૂત હતા ને આ જંગલમાં અમે અશરણ થઈ ગયા એમ નથી, જગત આખું અમારા માટે અશરણ છે, અમારો આત્મા જ અમારું શરણ છે...

હવે અધિકરણશક્તિમાં આત્માના ધર્મનો આધાર શું તે બતાવે છે. 'ભાવ્યમાન ભાવના આધારપણામયી એવી અધિકરણશક્તિ આત્મામાં છે' તેથી આત્મા પોતે જ પોતાના સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ ધર્મનો આધાર છે, બીજો કોઈ આધાર નથી.

જેમ લોકમાં બાળકને માતાનો આધાર, શિષ્યને ગુરુનો આધાર, પ્રજાને રાજાનો આધાર, સ્ત્રીને પતિનો આધાર, રોગીને વૈદ્યનો આધાર, છતને થાંભલાનો આધાર–એમ ભિન્ન આધાર કહેવાય છે, તેમ આત્મામાં ધર્મનો આધાર શું છે? આત્મામાં એવી અધિકરણશક્તિ છે કે પોતે જ પોતાના ધર્મનો આધાર થાય છે, બીજા કોઇ ભિન્ન આધારની તેને જરૂર નથી પડતી. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ ભાવ તે ધર્મ છે, અને તે ભાવનું ભવન (–પરિણમન) આત્માના જ આધારે થાય છે, કોઇ બીજાના આધારે થતું નથી, તેથી આત્મા જ તેનું અધિકરણ છે.

આત્માના સમ્યગ્દર્શનરૂપી જે પુત્ર તેનો આધાર કોણ? કે અધિકરણશક્તિરૂપી માતા જ તેનો આધાર છે; પરમાર્થે આત્મા પોતે જ પોતાને જ્ઞાન આપે છે એટલે જ્ઞાનપર્યાયરૂપી જે શિષ્ય તેનો ગુરુ આત્મા પોતે જ છે, પોતે જ પોતાનો ગુરુ છે; નિર્મળપર્યાયરૂપી જે પ્રજા તેનો આધાર ચૈતન્યરાજા પોતે જ છે; નિર્મળપરિણતિરૂપી જે સ્ત્રી તેને પોતાના સ્વભાવરૂપ ચૈતન્યપતિનો જ આધાર છે; રાગ–દ્વેષ–મોહરૂપી રોગ ચૈતન્યસ્વભાવના આધારે જ મટે છે તેથી આત્મા પોતે જ પોતાનો વૈદ્ય છે; અને મોક્ષદશારૂપી જે છત તેને ટકવા માટે થાંભલો પણ આત્મા પોતે જ છે, આત્માના સ્વભાવના આધારે જ મોક્ષદશા થાય છે. આ રીતે પોતાના ભાવનો આધાર આત્મા પોતે જ છે.

શરીર–મન–વાણી કે રાગ તે આત્માના ધર્મનો આધાર નથી, તેમજ આત્મા તે શરીર–મન–વાણીનો કે રાગનો આધાર નથી. ખરેખર આત્મા પોતાની નિર્મળપર્યાયનો જ આધાર છે. જેણે પોતાના સ્વભાવને જ પોતાનો આધાર બનાવ્યો તેને સ્વભાવના આધારે નિર્મળપર્યાયો જ થાય છે, સ્વભાવના આધારે મલિન પર્યાયો થતી નથી, માટે નિર્મળપર્યાયનો જ આધાર થવાનો આત્માનો સ્વભાવ છે, મલિનતાનો આધાર થવાનો આત્માનો સ્વભાવ નથી. આત્માનો સ્વભાવ એવો છે કે તેના આશ્રયે દુઃખની ઉત્પત્તિ થાય જ નહિ, તેના આશ્રયે તો આનંદની જ ઉત્પત્તિ થાય. ધર્મીની શ્રદ્ધામાં પોતાના શુદ્ધ આત્માનો જ આધાર છે, ને તેના આધારે તેને નિર્મળપર્યાયો જ થયા કરે છે.

જાુઓ, આચાર્યદેવે છ શક્તિઓમાં આત્માને જ છ કારકોરૂપે વર્ણવ્યો. આત્મા જ પોતાનું કર્મ, આત્મા જ પોતાનો કર્તા, આત્મા જ પોતાનું કરણ, આત્મા જ પોતાનો સંપ્રદાન, આત્મા જ પોતાનું અપાદાન ને આત્મા જ પોતાનું અધિકરણ–આમ છએ કારકો આત્માથી અભિન્નરૂપ છે; ભિન્ન પદાર્થોને કારકો કહેવા તે ખરેખર કારકો છે જ નહિ. નિમિત્તરૂપ છ કારકોનો આત્મામાં ત્રિકાળ અભાવ છે, ને આ સ્વભાવરૂપ છ કારકોનો આત્મામાં ત્રિકાળ સદ્ભાવ છે. આ રીતે છ કારકોની છ વિભક્તિ અને એક સંબંધ વિભક્તિ એ સાતે વિભક્તિઓ આત્માને પરથી વિભક્ત બતાવે છે.

જાુઓ, આ આત્માના ધર્મનો આધાર બતાવે છે. "નિરોગી શરીર હોય, આંખ–કાન વગેરે ઇન્દ્રિયો ચોકખી હોય, પૈસા–મકાન વગેરેની સગવડ હોય તો તેના આધારે ધર્મ થાય" —એમ કોઇ માને તો આચાર્યદેવ તેને કહે છે કે તું મૂઢ છો. શું તારા આત્મામાં તારા ધર્મનો આધાર થાય–એવી અધિકરણશક્તિ નથી કે તારે બીજાનો આધાર લેવો પડે? ભાઈ, તારો આત્મા જ તારા ધર્મનો આધાર છે. તારું અસંખ્યપ્રદેશી ચૈતન્ય ક્ષેત્ર જ તારા સમ્યગ્દર્શનાદિ ધર્મનો આધાર છે, એ સિવાય બહારના ક્ષેત્રના આધારે તારો ધર્મ નથી. 'અહો! મહાવિદેહ ક્ષેત્રમાં તો ધર્મનો ધોધ ચાલી રહ્યો છે' —એમ જ્યાં મહાવિદેહક્ષેત્રની વાત આવે ત્યાં જાણે કે તે ક્ષેત્રના આધારે જ ધર્મ હશે–એમ અજ્ઞાનીની દ્રષ્ટિ બહારમાં જાય છે. પણ તે મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા ધર્માત્માઓ પોતે તો એમ જાણે છે કે અમારો અસંખ્યપ્રદેશી ચૈતન્યમૂર્તિ આત્મા જ અમારા ધર્મનો આધાર છે, આ બાહ્યક્ષેત્ર તે કાંઇ અમારા ધર્મનો આધાર નથી. —આ પ્રમાણે ઓળખીને વ્યવહારથી ધર્મનું બહુમાન કરવા એમ કહેવાય કે 'અહો! મહાવિદેહક્ષેત્ર તો ધર્મની ભૂમિ છે...તે ભૂમિના આધારે તો સીમંધરાદિ તીર્થંકરો અને લાખો કેવળીભગવંતો

તથા કરોડો સંતો સાક્ષાત્ વિચરી રહ્યા છે, એ ભૂમિમાં ઘણો ધર્મ પાકે છે. ’

એ જ પ્રમાણે મોક્ષગામી સંતોનું સ્મરણ કરવા ભક્તિથી એમ કહેવાય કે ‘અહો ! આ સમ્મેદશિખરજીના આધારે તો અનંતા તીર્થંકરો ને સંતો મોક્ષ પામ્યા...આ તો શાશ્વતતીર્થ છે, ને એનાં રજકણે રજકણ પૂજ્ય છે. ’ આવી ભક્તિને ખરો વ્યવહાર ક્યારે કહેવાય ?–કે તીર્થંકરો અને સંતો ચૈતન્યસ્વભાવને અધિકરણ બનાવીને જે ભાવથી મુક્તિ પામ્યા તે ભાવને ઓળખીને પોતામાં પણ તેવો ભાવ પ્રગટ કરે; ત્યારે એમ થાય કે અહો ! આવો સ્વાલંબી ભાવ પ્રગટ કરી કરીને પૂર્વે અનંતા તીર્થંકરો ને સંતો અહીંથી મુક્તિ પામ્યા. આ રીતે આમાં તો સ્વાલંબી ભાવની પ્રધાનતા આવી. આવા સ્વાલંબી ભાવની ઓળખાણ વગર એકલા બાહ્ય ક્ષેત્રને જ પોતાની મુક્તિનો આધાર માનીને તેનું જ બહુમાન કર્યા કરે તો તેને માત્ર પુણ્ય બંધાય પણ ધર્મનો લાભ ન થાય. ધર્મ તો ચૈતન્ય સ્વભાવના આધારે જ થાય છે.

જેમ લાકડાના પોચા કટકા ઉપર દાગીનાનું ઘડતર ન થાય, પણ કઠણ એરણનો આધાર જોઇએ; તેમ શરીર–ઇન્દ્રિયો–કે રાગાદિ તો પોચા છે, તેના આધારે ધર્મનું ઘડતર થતું નથી. કઠણ ચૈતન્યઘન એવો જે આત્મસ્વભાવ તેના જ આધારે ધર્મનું ઘડતર થાય છે.

આ છ કારક શક્તિઓ વર્ણવીને તો આચાર્યદેવે સ્વપરને એકદમ વિભક્ત બતાવીને ભેદજ્ઞાન કરાવ્યું છે. આત્મા પોતે જ પોતાની શક્તિથી છ કારણરૂપ થાય છે, બીજા કારકોની તેને અપેક્ષા નથી.

નિમિત્તો તે આત્માના કર્તા નથી;
નિમિત્તો તે આત્માનું કર્મ નથી;
નિમિત્તો તે આત્માનું સાધન નથી;
નિમિત્તો તે આત્માનું સંપ્રદાન નથી;
નિમિત્તો તે આત્માનું અપાદાન નથી;
નિમિત્તો તે આત્માનું અધિકરણ નથી.

આત્મા પોતે સ્વભાવથી જ પોતાના ભાવનો કર્તા છે, પોતે જ કર્મ છે, પોતે જ કરણ છે, પોતે જ સંપ્રદાન છે, પોતે જ અપાદાન છે ને પોતે જ અધિકરણ છે. પોતાની શક્તિથી જ પોતે સ્વયમેવ છ કારકરૂપ થઇને સમ્યગ્દર્શનાદિરૂપે પરિણમે છે.

સમ્યગ્દર્શન થાય તેનો આધાર કોણ ? શરીર, લક્ષ્મી કે ઇન્દ્રિયો તેનો આધાર નથી, શુભ ભાવ પણ તેનો આધાર નથી ને એકલી પર્યાયનો આધાર લેવા જતાં પણ સમ્યગ્દર્શન થતું નથી; અધિકરણ શક્તિથી આત્મા પોતે જ પરિણમીને સમ્યગ્દર્શનનો આધાર થાય છે. સમ્યગ્દર્શન તે ભાવ્યમાન ભાવ છે અને આત્મા તેનો આધાર છે. ધર્મી જીવ પોતાના આત્મસ્વભાવને જ આધાર તરીકે ભાવે છે, પોતાના સ્વભાવનો જ આધાર લઇને સમ્યગ્દર્શનાદિરૂપે પરિણમે છે; એ સિવાય વ્યવહારનો, રાગનો કે નિમિત્તનો આધાર ધર્મી માનતા નથી.

એક તરફથી એમ કહે કે આત્મસ્વભાવના આધારે ધર્મ થાય અને વળી એમ કહે છે કે વ્યવહારના–રાગના–નિમિત્તના આધારે પણ ધર્મ થાય–તો એ બંને વાત પરસ્પર વિરોધી છે. આત્મસ્વભાવના આધારે જ ધર્મ છે–એમ જે ખરેખર જાણે તે વ્યવહાર–રાગ કે નિમિત્તના આધારે ધર્મ માને જ નહિ; અને વ્યવહારરાગ કે નિમિત્તને આધારે જે ધર્મ માને છે તેણે ધર્મના ખરા આધારરૂપ આત્મસ્વભાવને માન્યો જ નથી. વ્યવહારનો–રાગનો કે નિમિત્તનો આધાર લેવા જતાં તો વિકારની જ ઉત્પત્તિ થાય છે, અને જો તેને ધર્મનું કારણ માને તો મિથ્યાત્વ થાય છે. આત્મસ્વભાવના આધારે તો નિર્મળપર્યાયની જ ઉત્પત્તિ થાય છે, તેથી આત્મા નિર્મળપર્યાયનો આધાર છે. અહીં આધાર અને આધેય ( અર્થાત્ દ્રવ્ય અને પર્યાય ) બંને જુદા નથી પણ અભેદ છે. જેમ દાગીના ઘડવાનો આધાર એરણ–એ દ્રષ્ટાંતમાં તો એરણ જુદી છે, પરંતુ અહીં નિર્મળપર્યાયના આધારરૂપ દ્રવ્ય કાંઇ તેનાથી જુદું નથી, દ્રવ્ય પોતે તે નિર્મળપર્યાયમાં અભેદ થઈને પરિણમ્યું છે. જેમ એરણના આધારે જેટલા દાગીના ઘડો તેટલા, ને જેવા ઘડો તેવા ઘડાય છે, તેમ આત્મસ્વભાવના આધારે જેટલી નિર્મળ પર્યાય કરો તેટલી થાય છે, ને જેવી નિર્મળપર્યાય કરવી હોય તેવી થાય છે; સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધપદ સુધીની બધી

નિર્મળપર્યાયોનો આધાર થવાની આત્મસ્વભાવની તાકાત છે. આત્મા પોતે આધારપણે ધ્રુવ રહીને પોતાના જ આધારે સમ્યગ્દર્શનાદિ પર્યાયરૂપ થાય છે. નિર્મળપર્યાયનો આધાર થવાની આત્માની શક્તિ કદી ખૂટતી નથી. આવો આત્મા જ પરમ શરણભૂત–પરમ આધારભૂત છે. જે જીવ આવા આત્મસ્વભાવનો આધાર લ્યે છે તે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ને સિધ્ધપદ પામે છે; અને જે જીવ આત્મસ્વભાવનો આશ્રય છોડીને પરનો આધાર લેવા જાય છે તે નિરાધારપણે સંસારમાં પરિભ્રમણ કરે છે.

આત્માનો સ્વભાવ ત્રિકાળ છે,

વિભાવ ક્ષણિક છે, અને

સંયોગો અભાવરૂપ છે.

હવે આત્મા પોતાના સ્વભાવનો આશ્રય છોડીને જો સંયોગનો આશ્રય લેવા જાય તો તે સંયોગો કાંઇ તેને આધારભૂત થતા નથી, માત્ર આકુળતા ને વિભાવની ઉત્પત્તિ થાય છે. અને જો સંયોગનો આશ્રય છોડીને પોતાના સ્વભાવનો આશ્રય કરે તો તેના આધારે નિરાકુળ શાંતિ થાય છે. ધર્માત્મા જાણે છે કે ગમે તે પ્રસંગમાં ગમે તે ક્ષેત્રમાં મને મારા આત્માનો જ આધાર છે...મહેલમાં કે જંગલમાં મારો આત્મા જ મને આધારરૂપ છે. જુઓ, સીતાજી ધર્માત્મા હતા...જ્યારે લવ અને અંકુશ જેવા ચરમશરીરી પુત્રો તેમની કુંખે આવ્યા ત્યારે તેમને એવો દોહલો થયો કે હું સમ્મેદશિખર આદિ તીર્થોની અને જિનબિંબોની વંદના કરું. અને બરાબર એ જ વખતે લોકોએ આવીને રામચંદ્રજીને લોકાપવાદની વાત કરી. તેથી રામચંદ્રજીએ સેનાપતિને બોલાવીને આજ્ઞા કરી કે 'સીતાને સમ્મેદશિખર વગેરે તીર્થોના તેમજ જિનબિંબોના દર્શન કરાવીને તેની ઇચ્છા પૂરી કરો અને પછી સિંહનાદ નામના મહાભયાનક વનમાં તેને એકલી છોડી દેજો. ' સીતાજીએ હર્ષથી ને ભક્તિથી તીર્થવંદના કરી..ને પછી જ્યાં સિંહનાદ વન આવ્યું ત્યાં રથ ઊભો રાખીને સેનાપતિ ખૂબ રડે છે... ત્યારે સીતાજી પૂછે છે કે અરે સેનાપતિ ! શું થયું ? તીર્થવંદનાના આજના આનંદપ્રસંગે તું શોક કેમ કરે છે ? સેનાપતિ રડતાં રડતાં કહે છે : હે માતા ! જેમ મુનિવરો રાગપરિણતિને છોડે તેમ શ્રી રામે લોકાપવાદના ભયથી તમને આ જંગલમાં એકલા છોડી દેવાની આજ્ઞા કરી છે. સેનાપતિના એ શબ્દો કાને પડતાં જ સીતાજી મૂર્છાથી બેભાન થઈ ગયા...જુઓ, એ મૂર્છા વખતે પણ ધર્માત્મા સીતાજીને અંતરમાં ભાન છે કે ગમે તે પ્રસંગમાં મારા ધર્મને માટે મને મારા આત્માનો જ આધાર છે.—પછી જ્યારે ભાનમાં આવે છે ત્યારે રામચંદ્રજીને સંદેશ કહેવડાવે છે કે "હે સેનાપતિ ! મારા રામને કહેજે કે લોકાપવાદના ભયથી મને તો છોડી, પણ જિનધર્મને ન છોડશો. અજ્ઞાની લોકો જિનધર્મની પણ નિંદા કરે તો તે નિંદાના ભયથી સમ્યગ્દર્શનને કદી ન છોડશો...ચૌવિધ સંઘની સેવા કરજો...મુનિઓ અને આર્જિકાઓને ભક્તિથી આહારદાન દેજો..."જુઓ, આવા પ્રસંગે પણ સીતાજીને અંતરના સ્વભાવમાંથી ધર્મનો ઉમળકો આવ્યો છે. ધર્મના આધારભૂત સ્વભાવ અંતરમાં દેખ્યો છે તે સ્વભાવના આશ્રયે ઉમળકો આવ્યો છે... અહો ! ભલે જંગલમાં એકલી પડી પણ મારા ધર્મનો આધાર અંદર પડયો છે...તે આધારને હું નથી છોડતી... અને મારા રામને કહેજો કે તે પણ ધર્મને ન છોડે. લોકાપવાદની ખાતર મને તો છોડી પણ ધર્મને ન છોડે. આ રીતે ધર્મને જ શરણભૂત જાણીને ધર્માત્મા પોતાના ધર્મના શરણને યાદ કરે છે. મહેલમાં હોઉં કે જંગલમાં હોઉં, મારો ચૈતન્યભગવાન જ મને શરણરૂપ છે, મારો આધાર બહારમાં નથી, મારો આધાર મારી સાથે ને સાથે જ છે.–આવી નિઃશંકતા ધર્મીને કદી કોઈ પ્રસંગે ખસતી નથી. સીતાજીને બહારમાં રામનો વિયોગ થયો પણ અંતરમાં આતમરામનો વિયોગ નથી થયો; સમ્યક્ શ્રદ્ધાજ્ઞાનમાં આતમરામનો આધાર સદાય વર્ત્યા જ કરે છે. અજ્ઞાની તો સંયોગમાં અને આકુળતામાં એકાકાર થઇને અંતરના આધારને ભૂલી જાય છે. ધર્માત્માનેય જરાક આકુળતા ને શોક થઇ જાય પણ આતમના આધારને તે ભૂલતા નથી ને શોકમાં કે સંયોગમાં એકાકાર થતા નથી; સંયોગને પોતાના ધર્મનો આધાર સ્વપ્નેય માન્યો નથી, એટલે તેવા

પ્રસંગે પણ સ્વભાવના આધારે સમ્યક્ શ્રદ્ધા–જ્ઞાનરૂપ ધર્મ તો વર્ત્યા જ કરે છે. ધર્મીનાં હૃદય ઓળખવા સાધારણ જીવોને માટે મુશ્કેલ છે.

સિંહ, વાઘ ને રીંછથી ભરેલા ઘોર જંગલમાં સીતાજી એકલા બેઠા છે. પેટમાં લવ અને અંકુશ જેવા બે ચરમશરીરી પુત્રો પડયા છે... સિંહ, વાઘની ત્રાડ સંભળાય છે. અરે! આ સિંહ આવ્યો... વાઘ આવ્યો... જરાક ભય પણ થાય છે, છતાં સ્વભાવમાં તો તે વખતેય તે નિઃશંક છે કે અરે! અમે અમારા ચૈતન્ય સ્વભાવનો આધાર લીધો છે...આ વન, કે આ વાઘ–સિંહની ગર્જના, તે કોઇ સંયોગ અમને અમારા સ્વભાવના આધારથી છોડાવવા સમર્થ નથી. ઉપર આભ ને નીચે ધરતી, ભલે કોઇ સગાંસંબંધી ન હો... પણ અમે અશરણ નથી, અંતરમાં અમારો ચિદાનંદસ્વભાવ જ અમારું મોટું શરણ છે. જુઓ, સીતાજી કયાં છે? શું જંગલમાં છે? ના; ભયમાં છે? ના; અંતરના ચૈતન્ય સ્વભાવનું શરણ લઇને જે શ્રદ્ધા–જ્ઞાન–આનંદના પરિણામ થાય છે તેમાં જ સીતાજીનો આત્મા વર્તે છે. આધારભૂત એવા પોતાના સ્વભાવના શરણને ક્ષણેક્ષણે દ્રઢ કરે છે. બહારમાં થાવું હોય તે થાય પણ અંતરમાં ચૈતન્યનો મોટો આધાર છે, તેનો આધાર કદી છૂટે તેમ નથી; ને એ ચૈતન્યના આધારે અમને દુઃખ નથી પણ આનંદ જ છે. આંખમાંથી આંસુડા ચાલ્યા જાય છે છતાં ભાન છે કે આ આંસુનો આધાર અમારો આત્મા નથી, જરાક ખેદના પરિણામ થયા તેનો આધાર પણ અમારો આત્મા નથી, અમારો આત્મા તો જ્ઞાનઆનંદનો જ આધાર છે. આ સ્ત્રીનું શરીર તે અમે નહિ, આ ભયંકર જંગલ કે મોટો મહેલ તેમાં રહેનારા અમે નહિ, મહેલ અમને શરણભૂત હતા ને આ જંગલમાં અમે અશરણ થઇ ગયા–એમ નથી; જગત આખું અમારા માટે અશરણ છે, અમારો આત્મા જ અમારું શરણ છે.

—જુઓ, આ ફક્ત આવા પ્રકારના વિચારની કે વિકલ્પની વાત નથી, પણ અંતરમાં તેવા અભિપ્રાયનું નિર્વિકલ્પ પરિણમન ચૈતન્યસ્વભાવના આધારે થઇ ગયું છે, તે હર ક્ષણે ને હરેક પ્રસંગે વર્ત્યા કરે છે, તેની આ વાત છે. ચૈતન્ય સ્વભાવના આધારે જે સમ્યક્ શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રરૂપ પરિણમન થયું તે જ ધર્મ છે.

આત્માના સ્વભાવમાં એવી તાકાત છે કે ગમે તેવા પ્રતિકૂળ પ્રસંગમાં પણ તે આધારભૂત થાય... ને તેના આધારે શાંતિ થાય. સાતમી નરકની ઘોર પ્રતિકૂળતામાં પડેલા નારકીઓમાં પણ કોઇક જીવ પૂર્વની દેશનાલબ્ધિના સંસ્કાર તાજા કરીને, અંતરમાં પોતાના ચૈતન્ય સ્વભાવનો આધાર લઈને સમ્યગ્દર્શન પામે છે ને એવી અપૂર્વ આત્મશાંતિ વેદે છે કે સ્વર્ગના મિથ્યાદ્રષ્ટિ દેવને તેની ગંધ પણ ન હોય. આત્માના આધાર વિના બહારમાં કોઇના આધારે સુખ કે શાંતિ લેવા માંગે તો ત્રણ કાળ ત્રણ લોકમાં કયાંય તે મળે તેમ નથી. ગમે ત્યાં ને ગમે તે ક્ષણે પોતાના સ્વભાવમાં વળીને તેનો આધાર લીધે જ સુખ અને શાંતિ થાય છે.

ભાવ્યમાન ભાવનો આધાર થાય એવી આત્માની શક્તિ છે. જ્ઞાની ભાવક થઇને નિર્મળભાવને ભાવે છે, ને અજ્ઞાની ભાવક થઈને વિકારને ભાવે છે. જ્ઞાની તો સ્વભાવના આધારે નિર્મળ ભાવો પ્રગટ કરીને તેના જ આધારરૂપે પરિણમે છે. અજ્ઞાની પોતાના આત્માને વિકારનો જ આધાર માનીને એકલા વિકારરૂપે પરિણમે છે; નિર્મળપર્યાયના આધારરૂપ પોતાના શુદ્ધસ્વભાવને તે નથી જાણતો એટલે બહારના આધારે નિર્મળતા કરવા માંગે છે એ તેની બાહ્યદ્રષ્ટિ છે. ચૈતન્યનો આધાર મૂકીને બહારમાં પોતાનો આધાર જે શોધે છે તે ભલે મોટો બાદશાહ કે શહેનશાહ હોય તો પણ ખરેખર ભીખારી જ છે, કેમકે બીજા પાસેથી તે પોતાના જ્ઞાન–આનંદની ભીખ માંગે છે. અને, 'મારા આનંદનો આધાર હું જ છું, મારા જ્ઞાન–આનંદને માટે બીજા કોઈ આધારની મારે જરૂર નથી' –એવી સ્વભાવદ્રષ્ટિ કરનાર સમકિતી, કદાચિત્ તે નરકમાં હોય તોપણ મોટો બાદશાહનો બાદશાહ છે.

શરીર કે રાગ તે આત્માના ધર્મનો આધાર નથી, કેમકે શરીર અને રાગ છૂટી જવા છતાં સમ્યગ્દર્શનાદિ ટકી રહે છે, માટે તે કોઈ ધર્મનો આધાર નથી; તેમજ આત્મા તે શરીરનો કે રાગનો આધાર નથી. સંસારનો આધાર જ આત્મા નથી, આત્મા તો મોક્ષનો જ આધાર થાય તેવા સ્વભાવવાળો છે.

કેવળી કે શ્રુતકેવળીના પાદમૂળમાં જ ક્ષાયિકસમ્યક્ત્વ થાય–એવો સિદ્ધાંત છે, પરંતુ તે તો તે વખતે નિમિત્ત કેવું હોય તે બતાવ્યું છે; કાંઇ તે નિમિત્ત આ જીવના ક્ષાયિકસમ્યક્ત્વનો આધાર નથી; સમ્યગ્ દર્શનનો આધાર આત્મા પોતે જ છે, આત્માના જ આધારે તે પરિણમન થાય છે.

જેનો જે આધાર હોય તેનાથી તે અભિન્ન હોય, ભિન્ન ન હોય. જો વસ્તુમાં પોતાનો આધાર થવાની શક્તિ ન હોય ને ભિન્ન આધાર હોય તો અનવસ્થા દોષ આવે,–આધારની પરંપરા ક્યાંય અટકે નહિ. જેમ કે–કોઈ એમ કહે કે આત્માનો આધાર આ શરીર, શરીરનો આધાર ?–મકાન; મકાનનો આધાર ?–આ જંબુદ્વીપ; જંબુદ્વીપનો આધાર ?–મધ્યલોક; મધ્યલોકનો આધાર ?–લોક; ને લોકનો આધાર ? અલોક; તો અલોકનો આધાર કોણ ? અલોકથી તો મોટું બીજું કોઇ નથી કે જેને અલોકનો આધાર કહી શકાય. માટે અલોકનો આધાર અલોક જ છે, બીજો કોઈ ભિન્ન આધાર નથી, તોપછી અલોકની જેમ જગતના બધાય પદાર્થોને પણ પોતપોતાનો જ આધાર છે, પરનો આધાર નથી. સમયસારમાં પણ આકાશનો દાખલો આપીને ભેદજ્ઞાનની અદ્ભુત વાત સમજાવી છે, ત્યાં કહે છે કે જ્યારે એકલા આકાશને જ લક્ષમાં લઈને તેના આધારનો વિચાર કરવામાં આવે ત્યારે આકાશને બીજા કોઇ દ્રવ્યનો આધાર કહી શકાતો નથી, એટલે કોઈ ભિન્ન આધાર લક્ષમાં આવતો નથી, એક આકાશ જ આકાશમાં જ છે–એમ બરાબર સમજાય છે, ને એવું સમજનારને પર સાથે આધાર–આધેયપણું ભાસતું નથી. તેમ એકલા જ્ઞાનસ્વભાવને લક્ષમાં લઇને તેના આધારનો વિચાર કરવામાં આવે ત્યારે જ્ઞાનથી ભિન્ન અન્ય કોઈ દ્રવ્યનો આધાર દેખાતો નથી, એક જ્ઞાન જ પોતે પોતામાં જ છે–એમ બરાબર સમજાય છે, અને એવું સમજનારને પોતાના જ્ઞાનસ્વભાવથી ભિન્ન બીજા કોઇ પદાર્થો સાથે પોતાનું આધારઆધેયપણું ભાસતું નથી. આવું અપૂર્વ ભેદજ્ઞાન થતાં પોતે પોતાના જ્ઞાનસ્વભાવના આધારે જ્ઞાનરૂપે જ પરિણમે છે, ને રાગદ્વેષમોહની ઉત્પત્તિ થતી નથી. આ સંવર થવાનો ઉપાય છે. ( જુઓ, સંવરઅધિકાર ગા. ૧૮૧–૨–૩ )

જુઓ, નિરાલંબી આકાશનો દાખલો આપીને આત્માનો જ્ઞાન સ્વભાવ સમજાવ્યો છે. અહો ! આખો લોક નિરાલંબી છે. ચારે બાજુ તેમજ નીચે–ઉપર અનંત અનંત અલોકાકાશની મધ્યમાં ૩૪૩ ઘનરાજુ પ્રમાણ આ લોક શાશ્વત રહેલો છે. અનંતાનંત જીવપુદ્ગલો વગેરેથી તે સર્વત્ર ભરેલો છે. આ લોકને નીચે કોઇ ટેકો નથી કે ઉપર કોઇ દોરડાથી લટકાવેલો નથી, તેમ જ કોઇએ તેને ધારી રાખ્યો નથી, છતાં તે લોક નીચે પડી જતો નથી. લોકની નીચે તદ્ન ખાલી જગ્યા જ છે, છતાં લોક નીચે ઊતરી જતો નથી, એમ ને એમ નિરાલંબીપણે ટકી રહ્યો છે. જેમ લોક આખોય નિરાલંબીપણે એમ ને એમ ટકી રહ્યો છે તેમ લોકના બધાય પદાર્થો નિરાલંબીપણે પોતપોતાના સ્વરૂપમાં ટકી રહ્યા છે, કોઈ ભિન્ન આધારની અપેક્ષા તેને નથી. અહો ! જુઓ તો ખરા આ વસ્તુસ્વભાવ !

વળી સમવસરણમાં બિરાજમાન સર્વજ્ઞ પરમાત્માને નીચે રત્નમણિનું દૈવી સિંહાસન હોય, પણ ભગવાનનો દેહ તે સિંહાસનને અડતો નથી, ભગવાન તો સિંહાસનથી ચાર આંગળ ઊંચે બિરાજે છે એટલે નિરાલંબીપણે આકાશમાં જ બિરાજે છે.–

‘ઊંચે ચતુરાંગુલ જિન રાજે
ઇંદ્રો નરેન્દ્રો મુનિરાજ પૂજે;
જેવું નિરાલંબન આત્મતત્ત્વ
તેવો નિરાલંબન જિનદેહ.’

ભગવાનનો આત્મા તો પોતાના સ્વભાવના આધારે પરિપૂર્ણ વીતરાગી નિરાલંબી થઈ ગયો, ને ત્યાં શરીરનો સ્વભાવ પણ નિરાલંબી થઈ ગયો. કોઈ પણ બાહ્ય પદાર્થના અવલંબન વગર ભગવાનનો આત્મા પરિપૂર્ણ જ્ઞાન–આનંદરૂપે પરિણમી રહ્યો છે. બધાય આત્માઓનો આવો નિરાલંબી સ્વભાવ છે. પણ મૂઢ અજ્ઞાની જીવોને બહારના અવલંબનની મિથ્યાબુધ્ધિ ખસતી નથી, ને આત્માનું અવલંબન તેઓ લેતા નથી. તેથી આ અધિકરણશક્તિમાં આચાર્યદેવે સમજાવ્યું કે હે જીવ ! પોતે જ પોતાના ધર્મનો આધાર થાય એવી તારા આત્માની શક્તિ છે, માટે તું તારા આત્મસ્વભાવનું જ અવલંબન લે..ને બીજાના અવલંબનની બુદ્ધિ છોડ.

અહો, કેવું નિરાલંબી તત્ત્વ !

–૪૬મી અધિકરણશક્તિનું વર્ણન અહીં પૂરું થયું.

# જીવાસ્તિકાયનું વ્યાખ્યાન

[ ૨ ]

[ વીર સં. ૨૪૮૩, જેઠ વદ ૧૪ તથા અષાઢ સુદ એકમ, અને વીર સં. ૨૪૮૪, અષાઢ વદ એકમના પ્રવચનોમાંથી. ]

**પંચાસ્તિકાયની ૨૬ ગાથા સુધીમાં જીવાદિ છ દ્રવ્યો તથા પાંચ અસ્તિકાયનું સામાન્ય વર્ણન કર્યા બાદ, ૨૭મી ગાથાથી જીવાસ્તિકાયનું વિશેષ વ્યાખ્યાન શરૂ થાય છે. પંચાસ્તિકાયમાં જે મુખ્ય છે એવા જીવાસ્તિકાયનું આ વર્ણન છે; તેમાંથી સંસાર અવસ્થાવાળા જીવોનું વર્ણન જીવત્વ–પ્રભુત્વ વગેરે ૯ બોલથી ૨૭મી ગાથામાં કર્યું, તેનું વ્યાખ્યાન આત્મધર્મના ગતાંકમાં આવી ગયું છે. ત્યારપછી ૨૮મી ગાથામાં એ જીવત્વ–પ્રભુત્વ વગેરે ૯ બોલને અનુસરીને મુક્ત અવસ્થાવાળા જીવાસ્તિકાયનું નિરૂપાધિસ્વરૂપ વર્ણવે છે.**

મુક્ત અવસ્થાને પામેલા સિદ્ધ જીવો કેવા છે? તે કહે છે–

સૌ કર્મમળથી મુક્ત આત્મા પામીને લોકાગ્રને,
સર્વજ્ઞદર્શી તે અનંત અનિંદ્રિ સુખને અનુભવે. ૨૮.

મુક્ત આત્માને કર્મની ઉપાધિ હોતી નથી, તેથી તે નિરુપાધિ–સ્વરૂપ છે; તેનું આ વર્ણન છે. સમસ્ત કર્મમળથી મુક્ત થયેલો તે જીવ પોતાના ઊર્ધ્વગમન સ્વભાવથી ઊર્ધ્વલોકના અંતે જઇને સ્થિર થાય છે, અને સર્વજ્ઞ–સર્વદર્શી થયેલો તે જીવ મુક્તઅવસ્થામાં પોતાના ઇન્દ્રિયાતીત અનંત સુખને સદાકાળ અનુભવે છે.

જુઓ, આ સિદ્ધપદ! આ પણ જીવાસ્તિકાયમાં જ સમાય છે. અને આ જીવ પણ આવી મુક્તઅવસ્થારૂપે પરિણમે તે ઉપાદેય છે. સંસારઅવસ્થામાં વર્તતો જીવ, અને સિદ્ધ અવસ્થામાં વર્તતો જીવ, એ બંનેનું સ્વરૂપ જાણીને તાત્પર્ય એ છે કે સંસારઅવસ્થામાં વિભાવરૂપ અશુદ્ધભાવોનું જે કર્તૃત્વ વગેરે છે તે હેય છે એમ સમજીને તે છોડવું, અને સિદ્ધ અવસ્થામાં જે સર્વજ્ઞતા તથા અતીન્દ્રિય આનંદનો અનુભવ વગેરે છે તે ઉપાદેય છે–એમ સમજીને તેની આરાધનાનો અંતર્ પ્રયત્ન કરવો.

જે જીવ સંસાર અવસ્થામાં કર્મસંયુક્ત હતો તે જ જીવ પોતાના સ્વરૂપની આરાધનાવડે કર્મનો નાશ કરીને જ્યારે મુક્ત થયો ત્યારે મુક્ત અવસ્થામાં તે શું કરે છે? તે કહે છે :

આત્મા, કર્મરજના પરદ્રવ્યપણાને લીધે કર્મરજથી સંપૂર્ણપણે જે ક્ષણે મુકાય છે ( એટલે કે મુક્ત થાય છે ) તે જ ક્ષણે પોતાના ઊર્ધ્વગમનસ્વભાવને લીધે લોકના અંતને પામીને આગળ ગતિહેતુનો અભાવ હોવાથી ત્યાં સ્થિર રહેતો થકો, કેવળજ્ઞાન અને કેવળદર્શન નિજસ્વરૂપભૂત હોવાને લીધે તેમનાથી નહિ મુકાતો થકો, અનંત અતીન્દ્રિય સુખને અનુભવે છે.

જુઓ, આ સિદ્ધ જીવોનું સ્વરૂપ ! આમાં અસ્તિનાસ્તિ બંને પડખાંથી વાત કરી છે.

કર્મરજ તે આત્માથી પરદ્રવ્યરૂપ છે;

કેવળજ્ઞાનાદિ તે આત્માના સ્વરૂપભૂત છે.

જીવ મુક્ત અવસ્થામાં પરદ્રવ્યભૂત કર્મોથી તો મુકાય છે, પરંતુ સ્વરૂપભૂત એવા કેવળજ્ઞાનાદિથી તે મુકાતો નથી. આત્મા ચૈતન્યસ્વરૂપ, ને કર્મરજ અચેતન; તે કર્મરજ આત્માથી ભિન્ન હોવાથી મુક્ત આત્મા તેનાથી તો છૂટી જાય છે; પરંતુ કેવળજ્ઞાન–સુખ વગેરે તો આત્માનું સ્વરૂપ જ છે, તે કાંઇ ઉપાધિ કે પરદ્રવ્ય નથી, તેથી મુક્તઆત્મા તે જ્ઞાન–સુખ વગેરે નિજસ્વરૂપથી છૂટતો નથી.—આ રીતે અસ્તિ–નાસ્તિથી સિદ્ધનું સ્વરૂપ બતાવ્યું.

મુક્ત થયેલ આત્મા કયાં રહેતા હશે ? તો કહે છે કે મુક્તિ તો અહીં મધ્યલોકમાં જ થાય છે, અને મુક્ત થતાં જ તે આત્મા ઊર્ધ્વગમન કરીને લોકાગ્રે સ્થિર થાય છે; જીવનો ઊર્ધ્વગમન સ્વભાવ જ લોકાગ્ર સુધી જવાનો છે, લોકથી બહાર જવાનો આત્માનો સ્વભાવ જ નથી; તથા નિમિત્ત તરીકે ગતિહેતુરૂપ ધર્માસ્તિકાયનો પણ લોકની બહાર અભાવ છે.—આ રીતે ઉપાદાન–નિમિત્ત બંનેથી સમજાવ્યું છે. જીવના ઉપાદાનમાં જ લોકથી બહાર જવાની લાયકાત નથી, ને નિમિત્ત પણ તેવું નથી. સિદ્ધ લોકમાં જતાં સ્વભાવ ઊર્ધ્વગમન વખતે તે આત્મા કાંઇ સંસારી નથી પણ મુક્ત છે, સિદ્ધપદને પામી ગયેલ છે.

લોકાગ્રે સ્થિર રહેલા સિદ્ધ ભગવંતો શું કરે છે ? કે કેવળજ્ઞાનાદિ નિજસ્વરૂપથી છૂટયા વિના પોતાના અનંત અતીન્દ્રિય સુખને સદાકાળ અનુભવે છે. પોતાના મિથ્યાત્વાદિ ભાવોને લીધે સંસારમાં રખડતો જીવ, શુદ્ધ રત્નત્રયની આરાધનાવડે જ્યારે મુક્ત થાય છે ત્યારે તે મુક્તજીવ કર્મરજથી મુકાય છે કેમકે તે તો પરદ્રવ્ય છે, પણ તે મુક્તજીવ પોતાના જ્ઞાન–આનંદ સ્વભાવથી નથી મુકાતો, કેમ કે તે તો પોતાનું સ્વરૂપ જ છે. આવા સ્વરૂપને પામેલા મુક્તજીવો ( સિદ્ધભગવંતો ) લોકના શિખરે પોતાના અનંત આત્મિકસુખને નિરંતર અનુભવે છે—

સાદિ–અનંત અનંત સમાધિ સુખમાં,

અનંત દર્શન–જ્ઞાન અનંત સહિત જો.

આવી મુક્તઅવસ્થા તે પણ જીવાસ્તિકાયની જ એક અવસ્થા છે.

હવે, પહેલાં સંસારીજીવના વર્ણનમાં જેમ જીવત્વ વગેરે નવ બોલનું કથન કર્યું હતું તેમ તે જીવત્વાદિ નવ બોલ સિદ્ધ અવસ્થામાં પણ કઈ રીતે છે તે સમજાવે છેઃ

( ૧ ) તે મુક્ત આત્માને ભાવપ્રાણ ધારણ જેનું લક્ષણ છે એવું ‘જીવત્વ’ હોય છે;

( ૨ ) ચિદ્રૂપ જેનું લક્ષણ છે એવું ‘ચેતયિતૃત્વ’ હોય છે;

( ૩ ) ચિત્પરિણામ જેનું લક્ષણ છે એવો ‘ઉપયોગ’ હોય છે.

( ૪ ) પ્રાપ્ત કરેલા સમસ્ત આત્મિક અધિકારોની શક્તિ માત્ર ‘પ્રભુત્વ’ હોય છે;

( ૫ ) સમસ્ત વસ્તુઓથી અસાધારણ એવા સ્વરૂપની નિષ્પત્તિમાત્ર ‘કર્તૃત્વ’ હોય છે;

( ૬ ) સ્વરૂપભૂત સ્વાતંત્ર્ય જેનું લક્ષણ છે એવા સુખની ઉપલબ્ધિરૂપ ‘ભોકતૃત્વ’ હોય છે;

( ૭ ) પૂર્વના છેલ્લા શરીર પ્રમાણે અવગાહનારૂપ ‘દેહપ્રમાણપણું’ હોય છે; અને

( ૮ ) કર્મ વગેરે સમસ્ત મૂર્ત પદાર્થની ઉપાધિના સંબંધ રહિત એવું આત્યંતિક ‘અમૂર્તપણું’ હોય છે;

—આ રીતે આ જીવત્વ આદિ આઠ બોલો તો ઉપર પ્રમાણે સિધ્ધ ભગવંતોને પણ હોય છે; પરંતુ—

( ૯ ) તે મુક્ત આત્માને ‘કર્મસંયુક્તપણું’ તો નથી જ હોતું; ભાવકર્મ અને દ્રવ્યકર્મથી તે અત્યંત વિમુક્ત છે.

હવે, સિદ્ધભગવંતોના ઉપરોક્ત નવ બોલનો વિસ્તાર થાય છે.

## [ ૧ ] સિદ્ધ ભગવંતોનું જીવત્વ

સિધ્ધ ભગવંતો મુક્ત અવસ્થામાં શરીર–ઈન્દ્રિયો–મન કે આયુ વગેરેથી પાર, પોતના શુદ્ધ ચૈતન્યરૂપ ભાવ પ્રાણથી જીવે છે, એવું તેમનું જીવત્વ છે. સંસાર અવસ્થામાં વ્યવહારે દસ પ્રાણથી જીવવારૂપ જે જીવત્વ હતું તેનો અહીં અભાવ છે, કેમ કે તે જીવનું વાસ્તવિક રૂપ ન હતું પણ ઉપાધિરૂપ હતું, તેથી મુક્ત અવસ્થામાં તે છૂટી ગયું. મુક્ત અવસ્થા તો નિરુપાધિસ્વરૂપ છે, પરદ્રવ્યની ઉપાધિવાળું જીવત્વ ત્યાં હોતું નથી, ત્યાં તો પોતાના સ્વભાવભૂત ચૈતન્યપ્રાણવડે નિરુપાધી જીવત્વ હોય છે. કેવળજ્ઞાન, સુખ વગેરે ભાવપ્રાણો છે, તે ભાવપ્રાણોવડે સિધ્ધ ભગવંતોને જીવત્વ છે.

અજ્ઞાની જીવોને દેહદ્રષ્ટિથી શરીરવાળો જ જીવ ભાસે છે, એટલે કે દેહાધીન જીવત્વ જ ભાસે છે, પણ દેહવગરનું અતીન્દ્રિય આત્મજીવન તેને ભાસતું નથી. અહા ! સિદ્ધભગવંતો દેહવગર જ અતીન્દ્રિય આત્મજીવન જીવે છે. દેહના સંબંધવાળું જીવન તો અલ્પકાળનું છે, ને આ દેહના સંબંધ વગરનું સિદ્ધ ભગવંતોનું જીવન તો સાદિ–અનંત છે; એ જીવનની પાછળ કદી મરણ નથી. અહા, આવી મુક્તઅવસ્થાવાળા જીવાસ્તિકાયને ઓળખે તો દેહાદિથી આત્માની ભિન્નતાનું ભેદજ્ઞાન થઈ જાય. એટલે તેનું પરિણમન આવી મુક્તઅવસ્થા તરફ ઝૂકી જાય. આ રીતે સિદ્ધ ભગવંતોનું જીવત્વ બતાવ્યું.

સંસારઅવસ્થાવાળા જીવને તો કર્મની ઉપાધિ હતી, તેથી તેના વર્ણનમાં તો નિશ્ચયથી અને વ્યવહારથી એમ બે પ્રકારે કથન કરીને તેનું નિરુપાધિ તેમજ સોપાધિ સ્વરૂપ બતાવ્યું; પરંતુ આ મુક્તઅવસ્થાવાળા સિદ્ધ જીવોને તો કર્મની ઉપાધિ નથી, તેઓ નિરુપાધિ છે, તેથી તેમના વર્ણનમાં નિશ્ચય અને વ્યવહાર એવા બે પ્રકાર નથી ઊતરતા.

## [ ૨ ] સિદ્ધ ભગવંતોનું ચેતયિતાપણું

ચિદ્રૂપ જેનું લક્ષણ છે એવું ચેતયિતાપણું સિદ્ધભગવંતોને પણ હોય છે. આ રીતે સંસાર– અવસ્થામાં કે મુક્તઅવસ્થામાં જીવને સદાય ચેતકપણું છે. ચેતવું એટલે અનુભવવું; સંસાર અવસ્થામાં અજ્ઞાની જીવ રાગ–દ્વેષ કે હર્ષ–શોકને જ અનુભવતો હતો; મુક્ત અવસ્થામાં સિદ્ધભગવંતો પોતાના પૂર્ણાનંદને અનુભવે છે; આ રીતે પૂર્ણ આનંદના અનુભવરૂપ ચેતયિતાપણું સિદ્ધભગવંતોને છે.

## [ ૩ ] સિદ્ધભગવંતોને ઉપયોગમયપણું

મુક્ત અવસ્થામાં પણ આત્માને ચૈતન્ય પરિણામસ્વરૂપ ઉપયોગ હોય છે. અનાદિ સંસારથી માંડીને જીવ ઉપયોગસ્વરૂપ જ રહ્યો છે, ને સિદ્ધ અવસ્થામાં પણ જીવ ઉપયોગસ્વરૂપ છે. આ રીતે પોતાના ઉપયોગ લક્ષણને જીવ કદી છોડતો નથી. મુક્ત જીવે શરીરને તો છોડી દીધું, ઈન્દ્રિયોને પણ છોડી દીધી, આઠે કર્મોને પણ છોડી દીધા. રાગાદિ વિભાવોને છોડી દીધા પણ પોતાના ઉપયોગને છોડયો નથી. આવા સિદ્ધ ભગવંતોને ઓળખતાં, ‘સિદ્ધભગવંતોને જે છૂટી ગયું તે મારું સ્વરૂપ નહીં, અને સિદ્ધભગવંતોમાં રહ્યું તે મારું સ્વરૂપ’ એમ પોતાના શુદ્ધ સ્વરૂપની ઓળખાણ થાય છે. અને એવું સિદ્ધપદ તે જીવની એક અવસ્થા છે, તે અવસ્થા જીવ દ્રવ્યમાંથી જ પ્રગટે છે, એટલે હું પણ મારા દ્રવ્યમાંથી એવી સિદ્ધ અવસ્થા પ્રગટ કરી શકું છું–આમ અંતર્પ્રતીતિ કરતાં પોતાને સાધકપણું પ્રગટે છે–પોતે સિદ્ધ ભગવાનનો નંદન થાય છે, અને પછી અલ્પકાળમાં પોતે પણ સિદ્ધ થઈ જાય છે.

## [ ૪ ] સિદ્ધ ભગવંતોનું પ્રભુત્વ

સિદ્ધ ભગવંતોને કેવું પ્રભુત્વ હોય છે?–તો કહે છે કે પ્રાપ્ત કરેલા સમસ્ત આત્મિક અધિકારોની શક્તિમાત્રરૂપ પ્રભુત્વ તેમને હોય છે. કેવળજ્ઞાન, અનંતસુખ, અનંતવીર્ય ઇત્યાદિ આત્મ–અધિકારો છે, સંસારઅવસ્થામાં તે અધિકારો પૂરા પ્રાપ્ત નહોતા કર્યા; હવે સિધ્ધ અવસ્થામાં તે કેવળજ્ઞાનાદિ સમસ્ત આત્મ–અધિકારો પ્રાપ્ત કરી લીધા છે અને તે કેવળજ્ઞાન, અનંત સુખ વગેરે સમસ્ત આત્મિક અધિકારોને જીવ પોતે સ્વતંત્રપણે ભોગવવાની શક્તિવાળો હોવાથી તે પ્રભુ છે. અહા ! જાુઓ આ સિદ્ધ ભગવંતોની પ્રભુતા; પ્રભુતાવડે કોઇ બીજા ઉપર અધિકાર ચલાવે છે એમ નથી, પણ પ્રભુતાવડે પોતાની સમસ્ત આત્મશક્તિઓના સંપૂર્ણ ભોગવટામાં પોતાનો અધિકાર છે. લોકાગ્રે સિદ્ધભગવંતો સ્થિર રહ્યા તે પણ તેમનો પોતાનો જ સ્વતંત્ર આત્મઅધિકાર છે, કાંઈ ધર્માસ્તિકાય વગેરેની તાબેદારીથી ત્યાં સ્થિર નથી રહ્યાં; આગળ ધર્માસ્તિકાય નથી માટે તેમને ત્યાં સ્થિર રહેવું પડયું–એવી કાંઇ

પરાધીનતા નથી, સ્વતંત્રતામાં જરાય કચાસ નથી; સંપૂર્ણ આત્મિકઅધિકારોથી તેમની પ્રભુતા પરિપૂર્ણ શોભી રહી છે.

સંસારઅવસ્થા વખતે આસ્રવ–બંધ કે સંવર–નિર્જરા–મોક્ષને કરવામાં આત્માની પ્રભુતા હતી, ત્યાં હજી કર્મનો સંબંધ હતો તેથી નિમિત્ત તરીકે તે કર્મના બંધ–મોક્ષ કરવામાં પણ આત્માની પ્રભુતા કીધી હતી; હવે મુક્ત અવસ્થામાં તો કર્મની ઉપાધિ જ નથી, એટલે ત્યાં ભાવકર્મના કે દ્રવ્યકર્મના બંધ–મોક્ષ કરવાનું રહ્યું નથી, પરંતુ કેવળજ્ઞાન, અનંતસુખ વગેરે સમસ્ત આત્મિક અધિકારોના ભોગવટારૂપ પ્રભુતા ત્યાં છે. સંસારઅવસ્થામાં જ્ઞાન–સુખ વગેરે અધિકારો અલ્પ હતા, એટલે સમસ્ત આત્મિક અધિકારોનો ભોગવટો ત્યાં ન હતો; હવે સિદ્ધઅવસ્થામાં તો કેવળજ્ઞાનાદિ સમસ્ત આત્મિક અધિકારો પ્રગટી ગયા છે ને તેના સ્વતંત્ર ભોગવટારૂપ પ્રભુત્વ છે. આ રીતે સિદ્ધઅવસ્થામાં જીવનું પ્રભુત્વ જાણવું.

સિદ્ધ ભગવંતો આઠ કર્મોથી વિમુક્ત છે ને આઠ મહાગુણોથી સંયુક્ત છે, તેઓ અતીન્દ્રિયપણે આત્માના સ્વભાવસુખને અનુભવે છે, અતીન્દ્રિય આનંદ રસનું પાન કરે છે—શાંત આનંદરસ સદાય પીધા જ કરે છે. આવા સિદ્ધપદને પામેલા મુક્ત જીવોમાં જીવત્વ–પ્રભુત્વ વગેરે કઇ રીતે છે તેનું આ વર્ણન ચાલે છે.

મુક્ત અવસ્થામાં આત્મા જ્ઞાનાવરણાદિ આઠ કર્મોથી છૂટી ગયો છે પણ પોતાના કેવળજ્ઞાનાદિ આઠ મહાગુણોથી છૂટયો નથી; તેને પોતાની આત્મશક્તિના બધાય અધિકારો પ્રગટી ગયા છે, સમસ્ત શક્તિઓનું સંપૂર્ણ સામર્થ્ય ખીલી ગયું છે, તેથી પોતાની આત્મશક્તિના સંપૂર્ણ અધિકારનો અમલ ( ભોગવટો ) કરવામાં સ્વતંત્ર સામર્થ્યવાળો હોવાથી તે આત્મા પ્રભુ છે. આ રીતે સિદ્ધઅવસ્થામાં આત્માની પ્રભુતા જાણવી. અહીં આસ્રવ–બંધ કે સંવર–નિર્જરા કરવાપણું રહ્યું નથી, એટલે વિકાર પરિણામને સ્વતંત્રપણે કરવારૂપ જે પ્રભુત્વ હતું કે અહીં છૂટી ગયું છે, તેમજ વિકારનો સર્વથા અભાવ થઇ ગયો હોવાથી હવે વિકારને રોકું કે છોડું—એવું પણ રહ્યું નથી. અને નિમિત્તપણે કર્મને બાંધવામાં કે છોડવામાં જે પ્રભુત્વ ( સંસાર અવસ્થા વખતે ) હતું તે પણ અહીં નથી, કેમકે કર્મ સાથેનો સંબંધ જ તદ્દન છૂટી ગયો છે; કર્મને બાંધું એવી ઉપાધિ તો ત્યાં નથી, ને કર્મને છોડું એવી ઉપાધિ પણ ત્યાં નથી. કર્મોની ઉપાધિથી રહિત, નિરુપાધિપણે પોતાના આત્મિક ગુણોની પ્રભુતાથી સિદ્ધભગવંતો શોભી રહ્યા છે.

## [ ૫ ] સિદ્ધ ભગવંતોનું કર્તૃત્વ

સિદ્ધભગવંતોમાં જીવત્વ, ચેતયિતાપણું, ઉપયોગ અને પ્રભુત્વ–એ ચાર બોલ વર્ણવ્યા. હવે, સિદ્ધભગવંતો કર્તા છે કે નહીં ?–તો કહે છે કે હા; કઈ રીતે ? કે સમસ્ત વસ્તુઓથી અસાધારણ એવા નિજસ્વરૂપને રચવારૂપ કર્તૃત્વ છે, તેથી સિદ્ધભગંવતો પણ કર્તા છે. જુઓ, સિદ્ધભગવંતોમાં નિજસ્વરૂપને રચવારૂપ કર્તૃત્વ છે, પરંતુ જગતમાં બીજા કોઈ પદાર્થોને રચે કે કરે એવું કર્તાપણું તેમનામાં નથી. આ રીતે ભગવાન નિજસ્વરૂપના કર્તા છે ને પરના કર્તા નથી.

એક વાર સિદ્ધ ભગવાનનું વર્ણન સાંભળીને એક માણસે પૂછયું કે : તે સિદ્ધ ભગવાન આપણું કાંઇ કરે કે નહીં ? તેને જવાબ મળ્યો કે : સિદ્ધભગવાન બીજાનું કાંઇ ન કરે. તે સાંભળીને તે કહે કેઃ બસ, આપણું કાંઇ ન કરે ! તો એવા સિદ્ધ આપણે શું કામના ? અરે ભાઈ ! શું તારું કાંઇ કરી ધે તો જ સિદ્ધભગવાનનો મહિમા ? અને નહિતર તેમનો કાંઇ મહિમા નહીં ? હજી તો સિદ્ધભગવાનને પણ શું તારે પરના કર્તા ઠરાવવા છે ? એ તો ઘણી વિપરીતબુદ્ધિ છે. જો તારું કાંઇ ન કરે તો એવા સિદ્ધભગવાનને તારે માનવા નથી, એટલે તું તો નાસ્તિક જેવો થઇ ગયો. સિદ્ધભગવંતો સમયે સમયે પરિણમતા થકા પોતાના જ્ઞાન–આનંદસ્વરૂપની રચના કરે છે, તેથી નિજસ્વરૂપની રચનાના કર્તા છે, પરંતુ જગતમાં પરનું કાંઇ તેઓ કરતા નથી; આખા જગતને જાણે છે ખરા પણ કોઇનું કાંઇ કરતા નથી.

પ્રશ્નઃ–જો આપણુ કાંઇ ન કરે તો આવા સિદ્ધભગવાનને માનવાથી આપણને શું ફાયદો ?

ઉત્તરઃ–ભાઈ, સિદ્ધભગવાન તો આપણું કાંઇ નથી જ કરતા–એ વાત ખરી છે, પરંતુ સિદ્ધભગવાનને ઓળખતાં નિજસ્વરૂપની ઓળખાણનો પોતાને લાભ થાય છે. અહા ! આવા સિદ્ધભગવાન... જેને દેહ નહિ, ઇન્દ્રિયો નહિ, રાગ નહીં, અને છતાં જે પરમ સુખી ! માટે રાગમાં કે ઇન્દ્રિય વિષયોમાં સુખ નથી, સુખ તો આત્માના સ્વભાવમાં

જ છે.–આમ આત્મસ્વભાવની પ્રતીત કરીને સ્વસન્મુખ થાય તે જ સિદ્ધભગવાનની ઓળખાણનું ફળ છે. જેમ આપણે અરીસામાં જોઈએ, તો અરીસો તો આપણું કાંઈ કરી દેતો નથી પણ અરીસામાં જોતાં પોતાનું જેવું રૂપ છે તેવું ખ્યાલમાં આવી જાય છે; તેમ સિદ્ધભગવાન અરીસા સમાન છે, તે તો આપણું કાંઇ કરી દેતા નથી, પણ સિદ્ધભગવાનને ઓળખતાં પોતાનું શુદ્ધ સ્વરૂપ જેવું છે તેવું ખ્યાલમાં આવી જાય છે; ને એ જ મોટો અપૂર્વ લાભ છે. ત્યાં ભક્તિને લીધે એમ પણ કહેવાય કે અહા! સિદ્ધભગવાન મારા ઉપર પ્રસન્ન થયા, સિદ્ધભગવાને મારું પરમ હિત કર્યું, પણ ધર્મીને ભાન છે કે સિદ્ધભગવાન તો નિજસ્વરૂપના જ કર્તા છે, પરના કર્તા નથી. **वंदित्तु सव्वसिद्धे** ... ઇત્યાદિ પ્રકારે પોતાના અંતરમાં સિદ્ધોને સ્થાપીને જેઓ સિદ્ધપદને સાધે છે તેઓ આરોપથી એમ કહે છે કે સિદ્ધભગવાન અમારા સિદ્ધપદના કર્તા છે. પણ ભગવાનને કંઇ વિકલ્પ નથી કે હું બીજાને નિમિત્ત થાઉં... ભગવાન તો નિજસ્વરૂપના જ કર્તા છે.

સંસારઅવસ્થામાં જીવને કર્તા કહ્યો તેમાં તો વિકારનું તથા કર્મનું કર્તાપણું પણ લીધું હતું, પરંતુ સિદ્ધભગવંતોને વિકારના કર્તાપણાનો સર્વથા અભાવ થઈ ગયો છે, વિકારરૂપ જરાય પરિણમન તેમને થતું જ નથી, અને તેથી નિમિત્ત તરીકે કર્મના કર્તાપણાનો પણ તેમને અભાવ છે; પોતાના શુદ્ધ જ્ઞાન–આનંદસ્વરૂપપણે પરિણમે છે, તેનું જ કર્તાપણું છે. ‘પરિણમન’ એ કાંઈ ઉપાધિ નથી, પરિણમવું તે તો દ્રવ્યનું સ્વરૂપ જ છે, નિજસ્વરૂપ હોવાથી સિદ્ધ અવસ્થામાં પણ તે રહે છે. સિદ્ધ અવસ્થામાં પણ આત્મા બીજા સાથે એકમેક થઈને નથી પરિણમતો, પરંતુ અન્ય સમસ્ત દ્રવ્યોથી અસાધારણ એટલે કે ભિન્ન–એવા નિજસ્વરૂપે જ પરિણમે છે; આ રીતે સિદ્ધઅવસ્થામાં અન્ય દ્રવ્યોથી અસાધારણ એવા નિજસ્વરૂપને રચવારૂપ કર્તાપણું જાણવું.

### [ ૬ ] સિદ્ધભગવંતોનું ભોકતૃત્વ

સર્વજ્ઞ ભગવાને આ જગત છ દ્રવ્યના સમૂહરૂપ જોયું છે; છ દ્રવ્યોમાંથી પાંચ અસ્તિકાય છે; અને તે પાંચ અસ્તિકાયમાં સૌથી પ્રધાન ‘જીવાસ્તિકાય’ છે; દરેક આત્મા ‘જીવાસ્તિકાય’ છે; તેનું આ વ્યાખ્યાન ચાલે છે. સંસાર અને સિદ્ધ એ બંને જીવની અવસ્થાઓ છે; તેમાંથી સંસાર અવસ્થામાં વર્તતો જીવ કેવો હોય તેનું વ્યાખ્યાન ૨૭મી ગાથામાં નવ બોલથી આચાર્યદેવે કર્યું; ત્યાર પછી સિદ્ધ અવસ્થામાં વર્તતો જીવ કેવો હોય તેનું આ વ્યાખ્યાન ચાલે છે. સિદ્ધ અવસ્થામાં વર્તતા જીવને જીવત્વ, ચેતકપણું, ઉપયોગ, પ્રભુત્વ અને કર્તાપણું એ પાંચ બોલ કઇ રીતે હોય તે કહ્યું, હવે છઠ્ઠા બોલમાં ભોક્તૃત્વ કહે છે.

સિદ્ધભગવંતોને, જેમ નિજસ્વરૂપને રચવારૂપ કર્તૃત્વ હોય છે તેમ નિજસ્વરૂપના સ્વાધીન સુખની ઉપલબ્ધિરૂપ ભોકતૃત્વ પણ હોય છે. જીવને સંસારઅવસ્થામાં સાતા–અસાતાજનિત સુખ–દુઃખનો જે ભોગવટો હતો તેનો તો અહીં અભાવ છે, પરંતુ આત્માના સ્વભાવભૂત અતીન્દ્રિય સ્વાધીન સુખને તો સિદ્ધ–ભગવંતો સ્વતંત્રપણે ભોગવે છે, તેથી તેઓ ભોક્તા છે. સંસારદશાનું ઇન્દ્રિયસુખ તો પરાધીન–પરતંત્ર હતું, ને સિદ્ધદશાનું અતીન્દ્રિય સુખ તો સ્વાધીન–સ્વતંત્ર છે. આવા સ્વાધીન–સ્વતંત્ર આત્મિક સુખના સિદ્ધ ભગવંતો ભોક્તા છે.

### [ ૭ ] સિદ્ધ ભગવંતોને દેહપ્રમાણપણું

સિદ્ધ અવસ્થામાં પણ દરેક જીવને પોતાનો જાુદો આકાર હોય છે;–કેવો આકાર? કે છેલ્લા શરીરની અવગાહના જેવો; સિધ્ધ અવસ્થામાં જીવને શરીર નથી હોતું પણ લગભગ છેલ્લા શરીરની અવગાહના જેવો અરૂપી આકાર તેને હોય છે, તેથી તેને ‘દેહપ્રમાણપણું’ કહેવાય છે.

જો વસ્તુને પોતાનો સ્વતંત્ર આકાર ન હોય તો અસ્તિત્વ જ ન હોય. સિદ્ધાલયમાં અનંત સિધ્ધો એક ક્ષેત્રે રહ્યા હોવા છતાં, દરેક સિદ્ધને પોતપોતાનો જાુદો આકાર છે. કોઇ એમ કહે કે સિદ્ધમાં જીવોને ભિન્ન ભિન્ન આકાર ન હોય, તો તે વાત ખોટી છે; કોઈ એમ કહે કે સંસારમાં તો દેહ અને કર્મબંધનથી બંધાયેલો હોવાને લીધે જીવને દેહપ્રમાણપણું ભલે હો, પરંતુ દેહ અને કર્મબંધનથી મુક્ત થયા પછી તો તે જીવ આખા લોકમાં વ્યાપી જાય છે.–તો એમ કહેનારની વાત પણ ખોટી છે; મુક્તજીવનો મહિમા કાંઇ ક્ષેત્રની વ્યાપકતાથી નથી; મુક્તદશામાં જીવને ‘સર્વ–જ્ઞ’ પણું હોય છે, પરંતુ ‘સર્વવ્યાપક’પણું નથી હોતું, છેલ્લું જે શરીર હોય તે શરીરપ્રમાણ આકાર

સિદ્ધ અવસ્થામાં એમ ને એમ રહી જાય છે. આદિનાથ ભગવાનનો દેહ ૫૦૦ ધનુષ પ્રમાણ હતો, તો સિદ્ધઅવસ્થામાં તે જીવ તેવા દેહપ્રમાણ આકારવાળો છે, ને મહાવીર ભગવાનનો દેહ ૧ ધનુષપ્રમાણ હતો, તો સિદ્ધ અવસ્થામાં તે જીવ તેવા દેહપ્રમાણ આકારવાળો છે, મોટા નાના દેહપ્રમાણ આકાર હોય તેથી કાંઇ તેમના જ્ઞાનમાં વધતા–ઓછાપણું નથી, જ્ઞાન તો બધાય સિદ્ધોનું એક સરખું–પરિપૂર્ણ છે. મુક્ત થતાં પહેલાં, છેલ્લા શરીર–પ્રમાણે જેવો આકાર હતો તેવો આકાર જીવને સિદ્ધઅવસ્થામાં સદાકાળ રહે છે. આ રીતે સિદ્ધભગવંતોનું 'દેહપ્રમાણપણું' જાણવું.

## [ ૮ ] સિદ્ધભગવંતોનું અમૂર્તપણું

સિદ્ધભગવંતોને શરીર–કર્મ વગેરે મૂર્ત દ્રવ્યોની ઉપાધિથી રહિત એવું અત્યંત અમૂર્તપણું હોય છે. તે સિદ્ધભગવંતો ઇન્દ્રિયજ્ઞાનના વિષય થતા નથી, અવધિ મનઃપર્યયજ્ઞાનના પણ તે વિષય થતા નથી. સ્વભાવસન્મુખ થયેલા અતીન્દ્રિય જ્ઞાનવડે સિદ્ધના સ્વરૂપનો નિર્ણય થાય છે, મતિ–શ્રુતજ્ઞાન અંતર્મુખ થઇને સિદ્ધના સ્વરૂપનો નિર્ણય કરે છે. સિદ્ધઅવસ્થામાં એકલું ચૈતન્યબિંબ શુદ્ધ જીવાસ્તિકાય રહી ગયું છે, મૂર્ત પદાર્થનો સંબંધ ત્યાં સર્વથા છૂટી ગયો છે, જ્યાં સિદ્ધ છે ત્યાં જ જો કે જગતની અનંત કાર્મણવર્ગણાઓ ભરેલી છે પરંતુ સિદ્ધને તેની સાથે કંઇ સંબંધ નથી, તેથી તે અત્યંત અમૂર્ત છે. સંસારઅવસ્થામાં પણ આત્મા તો અમૂર્ત જ છે, પરંતુ મૂર્ત કર્મો સાથેના સંબંધને લીધે તેને મૂર્ત પણ વ્યવહારથી કહેવાતો હતો, હવે સિદ્ધઅવસ્થામાં તો મૂર્ત કર્મની ઉપાધિરહિત અત્યંત અમૂર્તપણું થઇ ગયું છે એટલે કે મૂર્તપણાનો વ્યવહાર પણ ત્યાં લાગુ પડતો નથી.

આ રીતે જીવત્વથી માંડીને અમૂર્તપણા સુધીના આઠ બોલથી મુક્ત જીવનું સ્વરૂપ કહ્યું. હવે 'કર્મસંયુક્તપણું,' એવો નવમો બોલ છે તે તો સંસારઅવસ્થામાં જ લાગુ પડે છે, મુક્તઅવસ્થામાં તે લાગુ પડતો નથી, એમ કહે છે.

## [ ૯ ] સિદ્ધ ભગવંતોને કર્મસંયુક્તપણું નથી

ભાવકર્મો અને દ્રવ્યકર્મોનો અત્યંત નાશ કરીને જેઓ મુક્ત થયા એવા સિદ્ધભગવંતોને કર્મસંયુક્તપણું તો નથી જ હોતું, કારણ કે દ્રવ્યકર્મો અને ભાવકર્મોથી વિમુક્તિ થઇ છે. દ્રવ્યકર્મો તે તો પુદ્‌ગલસ્કંધો છે, તેનો અહીં અભાવ છે; અને ભાવકર્મો એટલે ચિદ્‌વિવર્તો; અર્થાત્ ક્રમે ક્રમે એક જ્ઞેયથી બીજા જ્ઞેયને જાણવારૂપે જ્ઞાનનું પલટવું થયા કરે તેનું નામ ચિદ્‌વિવર્તન છે; આવા ચિદ્‌વિવર્તનરૂપ ભાવકર્મનો પણ સિદ્ધને અભાવ છે, તેઓ તો સ્થિરપણે એક સાથે સમસ્ત જ્ઞેયોને જાણે છે. આ રીતે, સંસારઅવસ્થામાં જીવને નિશ્ચયે ભાવકર્મથી સંયુક્તપણું હતું અને વ્યવહારે દ્રવ્યકર્મોથી સંયુક્તપણું હતું, તે બંનેનો સિદ્ધઅવસ્થામાં અભાવ છે, ત્યાં નિશ્ચયથી કે વ્યવહારથી કોઈ રીતે કર્મસંયુક્તપણું નથી. તે સિદ્ધભગવંતો જ્ઞાનાવરણાદિ આઠે કર્મોથી રહિત છે ને કેવળજ્ઞાનાદિ આઠ મહાગુણોથી સહિત છે,

સંસારઅવસ્થા વખતે જીવની જ્ઞાનશક્તિ સંકોચાઈ ગઈ હોવાથી તે થોડાથોડા જ્ઞેયોને ક્રમેક્રમે જાણતી થકી વારંવાર બદલતી હતી, પણ સિદ્ધદશામાં તો જ્ઞાનશક્તિ સંપૂર્ણપણે વિકસી ગઇ હોવાથી એક સાથે જ સમસ્ત જ્ઞેયોને જાણે છે; એટલે એક જ્ઞેયમાંથી બીજા જ્ઞેયમાં તેને પલટો નથી, એ અપેક્ષાએ તે સ્થિર છે. — આ રીતે મુક્તજીવને સર્વજ્ઞતા અને સર્વદર્શીતા હોય છે.

જુઓ, આ જીવની મુક્તદશાનું સ્વરૂપ! મુક્ત જીવને સર્વજ્ઞપણાને લીધે એક સાથે બધા પદાર્થોનું જ્ઞાન વર્તે છે, તેથી એક જ્ઞેયમાંથી બીજા જ્ઞેયોમાં ઉપયોગના ભ્રમણરૂપ વિવર્તન તેમને નથી, તે અપેક્ષાએ મુક્તજીવનું જ્ઞાન 'કથંચિત્ કૂટસ્થ' પણ કહ્યું છે. જો કે જ્ઞાનનું સમયે સમયે પરિણમન તો તેને પણ થયા જ કરે છે, પણ એક વિષયમાંથી બીજા વિષયમાં ઉપયોગનું ભ્રમણ થવારૂપ ક્રમિક જ્ઞાનનો તેને અભાવ છે, તેને તો યુગપત સર્વ પદાર્થોનું જ્ઞાન પ્રત્યેક સમયે વર્ત્યા જ કરે છે; તેને પર્યાયથી પર્યાયાંતરરૂપ પરિણમન છે પણ જ્ઞેયથી જ્ઞેયાંતરરૂપ પરિવર્તન નથી. આ રીતે નિશ્ચલ ચૈતન્યશક્તિરૂપ સર્વજ્ઞપણાની અને સર્વદર્શીપણાની ઉપલબ્ધિ મુક્ત આત્માને હોય છે. મુક્ત જીવના આવા સ્વરૂપનો નિર્ણય તે પોતાના શુદ્ધસ્વભાવના નિર્ણયનો હેતુ છે, અને તે નિર્ણય કરતાં પોતાના ઉપાદેયરૂપ ધ્યેયની સ્પષ્ટતા થાય છે. 'ધ્યેય' શું છે તે તો જ્ઞાનમાં સ્પષ્ટ થવું જોઈએને! 'ધ્યેય'ની જ સ્પષ્ટતા ન હોય ને

તેમાં જ ભૂલ હોય તો સાધન શેનું કરશે? માટે, આ સિદ્ધભગવાનની વાત તે કાંઇ સિદ્ધભગવાન માટે નથી, પણ જેને સંસારભ્રમણથી છૂટીને પોતાનું સિધ્ધપદ સાધવું છે એવા આત્માર્થી–મુમુક્ષુ જીવને પોતાનું વાસ્તવિક ધ્યેય અને વાસ્તવિક સ્વરૂપ સમજવા માટે આ વર્ણન છે.

મુક્ત અવસ્થામાં જીવનું સર્વજ્ઞ–સર્વદર્શીપણું બતાવીને હવે આચાર્યદેવ કહે છે કે : આ સર્વજ્ઞ–સર્વદર્શીપણાની ઉપલબ્ધિ તે જ દ્રવ્યકર્મના નિમિત્તભૂત ભાવધર્મના કર્તૃત્વનો વિનાશ છે, અને તે જ વિકારના અનુભવના અભાવને લીધે ઔપાધિક સુખ–દુઃખના ભોક્તૃત્વનો અભાવ છે.

જુઓ, આ સર્વજ્ઞતા! સર્વજ્ઞતા તે પણ જીવની એક અવસ્થા છે, જીવાસ્તિકાયનું જ તે એક વિશેષરૂપ છે; તેથી સર્વજ્ઞતાના નિર્ણય વગર જીવાસ્તિકાયનું યથાર્થ સ્વરૂપ સમજી શકાતું નથી. સર્વજ્ઞતાને પામેલા સિધ્ધભગવંતોને વિકારી ભાવકર્મોનો અત્યંત અભાવ છે, તેથી દ્રવ્યકર્મનો પણ અભાવ છે; સંસાર અવસ્થામાં ભાવકર્મ–દ્રવ્યકર્મનું જે કર્તૃત્વ હતું તેનો અહીં વિનાશ થઇ ગયો છે; તેમજ સર્વજ્ઞતામાં વિકારના અનુભવનો પણ અભાવ હોવાથી તેને કર્મજનિત સુખ–દુઃખનું ભોક્તાપણું પણ છૂટી ગયું છે.–તો શેનું ભોક્તાપણું છે? કે સ્વતંત્રસ્વરૂપની અનુભૂતિસ્વરૂપ અતીન્દ્રિયસુખનું ભોક્તાપણું સિદ્ધ ભગવંતોને છે.

સંસાર અવસ્થામાં જ્ઞાનની શક્તિ જ્યારે ઘણી અલ્પ હતી ત્યારે બધા જ્ઞેયોને તે એક સાથે પહોંચી શકતું નહતું, તેથી થોડા થોડા જ્ઞેયોમાં ક્રમેક્રમે ભટકતું તે જ્ઞાન ખેદવાળું થાકેલું હતું, એટલે સ્થિરપણે નિજસ્વરૂપના આનંદનો અનુભવ તે લઇ શકતું ન હતું, પરંતુ જ્યાં સિદ્ધ અવસ્થામાં સર્વજ્ઞતારૂપ અચિંત્ય જ્ઞાનસામર્થ્ય ખીલી ગયું ત્યાં વિશ્વના સમસ્ત દેશોને તે એક સાથે પહોંચી વળે છે; લોકની જેમ અલોક તે પણ વિશ્વનો એક દેશ છે, લોક–અલોક બંને થઇને વિશ્વ છે; આખા વિશ્વના સમસ્ત જ્ઞેયોને એકસાથે જાણી લેતું હોવાથી સર્વજ્ઞના જ્ઞાનને અન્યજ્ઞેયોમાં પલટવાનું રહ્યું નથી એટલે સુસ્થિતપણે પોતાના સ્વરૂપના અનંત સુખને અનંતકાળ સુધી તે ભોગવે છે, તેમાં ખેદ નથી, થાક નથી.

અહા, સિદ્ધભગવંતો સર્વજ્ઞતારૂપી પ્રાણથી સદાકાળ જીવે છે, સર્વજ્ઞતા અને પૂર્ણઆનંદ એ જ તેમનું જીવન છે. જો એક જ્ઞેયથી બીજા જ્ઞેયને જાણવા માટે જ્ઞાન પલટાયા કરતું હોય તો તેને સર્વજ્ઞતા ન હોય, ચૈતન્યની સ્થિરતા ન હોય, પૂર્ણઆનંદનો ભોગવટો ન હોય. જ્યાં યુગપત સર્વ જ્ઞેયોનું જ્ઞાન વર્તતું હોય, ચૈતન્યની સ્થિરતા થઇ હોય ને પૂર્ણઆનંદનો ભોગવટો ત્યાં જ સર્વજ્ઞતા હોય. સર્વજ્ઞતાને વરેલા સિદ્ધભગવંતો આત્માના અતીન્દ્રિય સુખને અનુભવે છે–ભોગવે છે,––કેવું છે તે સુખ? સ્વતંત્ર સ્વરૂપની અનુભૂતિ જેનું લક્ષણ છે–એવું સિદ્ધોનું સુખ છે, તે સુખને સિદ્ધભગવંતો સાદિ–અનંત કાળ ભોગવ્યા જ કરે છે. સર્વજ્ઞતા અને સુખથી ભરેલું આવું સિદ્ધપદ પરમ ઉપાદેય છે–એમ સમજવું તે જીવાસ્તિકાયને જાણવાનું તાત્પર્ય છે.

આ રીતે પંચાસ્તિકાયમાં પ્રધાનભૂત એવા જીવાસ્તિકાયની સંસારઅવસ્થા અને મુક્તઅવસ્થાનું સ્વરૂપ બતાવ્યું. તે બંનેને ઓળખીને, તેમાંથી મુક્તઅવસ્થારૂપે જીવ પરિણમે તે ઉપાદેય છે–એમ સમજવું.

આ જીવાસ્તિકાયના વ્યાખ્યાનમાં બતાવ્યા પ્રમાણે આત્માના સ્વતંત્ર કર્તૃત્વ, ભોક્તૃત્વ, જીવત્વ, પ્રભુત્વ, ઉપયોગીત્વ વગેરેનો જે નિર્ણય કરે છે, તથા સિદ્ધઅવસ્થામાં વર્તતા પરિપૂર્ણ જ્ઞાન–દર્શન–સુખને ઉપાદેયપણે નક્કી કરે છે, તેને પોતાના સ્વભાવની સન્મુખતાવડે વિકારનું કર્તૃત્વ–ભોક્તૃત્વ ટળીને, સ્વભાવના અતીન્દ્રિય સુખના ભોગવટારૂપ સિદ્ધદશા પ્રગટે છે. જીવતત્ત્વનો જે યથાર્થ નિર્ણય કર્યો તેના ફળમાં જીવની ઉત્કૃષ્ટ અવસ્થારૂપ આવું સિદ્ધપદ પ્રગટયું.–તે જયવંત વર્તો.

આ રીતે ૨૮મી ગાથા પૂરી થઇ : સિદ્ધભગવંતોને જે ઉત્કૃષ્ટ જ્ઞાન–દર્શન અને સુખ હોય છે તેનું હવે ૨૯મી ગાથામાં સમર્થન કરશે એટલે કે તેની પ્રશંસાપૂર્વક તેનું અનુમોદન કરશે.

# અંતર્મુખ-વલણની ભાવના

[ ખંભાત નગરમાં પૂ. ગુરુદેવનું પ્રવચન : કારતક વદ ૯ સોમવાર ] ( તત્ત્વજ્ઞાનતરંગિણી : શ્લોક ૭ )

ધર્મની જિજ્ઞાસા થતાં જીવ વિચાર કરે છે કે અરે! મેં પૂર્વે ચાર ગતિમાં પરિભ્રમણ કરતાં કરતાં બહારમાં મોટા મોટા શત્રુઓને જીત્યા, પરંતુ અંતરમાં મોહરૂપ શત્રુને મેં કદી જીત્યો નહિ. મારા આત્માને બહારમાં કોઇ શત્રુ કે મિત્ર નથી, મારો આત્મા તો જ્ઞાન ને આનંદસ્વરૂપ છે; મારા જ્ઞાનથી વિરુદ્ધ એવા રાગદ્વેષ—મોહ છે તે જ મારા શત્રુ છે, –એ શત્રુને મેં પૂર્વે કદી જીત્યો નહિ. અરે, અંતર્મુખ થવાથી ચૈતન્યની પ્રાપ્તિ થાય છે, એવા ચૈતન્યમાં અંતર્મુખ દૃષ્ટિ કરીને મેં પૂર્વે કદી મોહને જીત્યો નથી. હજારો યોદ્ધાઓ ઉપર જીત મેળવી પણ મોહને મેં કદી ન જીત્યો. અહો! મારો આત્મા તો જ્ઞાન ને આનંદસ્વરૂપ છે,—એને ભૂલીને, બહિર્મુખ વલણથી મારું હિત થશે–એમ માનીને, હું મારી શક્તિને હારી ગયો. અંતર્મુખવૃત્તિ કરવી તેમાં પણ જીવ સ્વાધીન છે; અને અંતર્મુખ થવું તેમાં જ મારું હિત છે. –આમ નિર્ણય કરીને જિજ્ઞાસુ જીવ અંતર્મુખ વળવા માંગે છે. બહારમાં કોઇ મારો શત્રુ કે મિત્ર નથી, ને બહિર્મુખ વલણમાં ક્યાંય મારું સુખ નથી, અંતર્મુખ વલણમાં જ મારું સુખ છે–આવો નિર્ણય કરીને જેઓ અંતર્મુખ વલણથી સર્વજ્ઞ પરમાત્મા થયા, તેમને ઇચ્છા વગર દિવ્ય ધ્વનિ નીકળ્યો, તેમાં એવો ઉપદેશ નીકળ્યો કે અરે આત્મા! તારા આત્મામાં જ્ઞાન–દર્શન–આનંદની પરિપૂર્ણ શક્તિ છે; અલ્પજ્ઞતા તે તારું સ્વરૂપ નથી.—આવા સ્વભાવ–સામર્થ્યની પ્રતીતવડે અને તેમાં સ્થિરતાવડે તું મિથ્યાત્વાદિ મોહશત્રુને જીતીને તારા પરિપૂર્ણ જ્ઞાનાદિ સ્વ ચતુષ્ટયને પ્રાપ્ત કર.

આત્માના ભાનવગર પૂર્વે બહારના બધા સાધન જીવ કરી ચૂકયો પણ તેને કાંઈ સિદ્ધિ પ્રાપ્ત ન થઇ; કેમકે આત્માના ધર્મનું સાધન બહારમાં નથી; આત્મામાં જ એવી તાકાત છે કે તે પોતે પોતાના ધર્મનું સાધન થાય. બહિર્મુખ વલણથી મારો આત્મા અત્યાર સુધી આકુળતામાં દુઃખી થયો, –માટે હું હવે મારા આત્મામાં અંતર્મુખ થાઉં—એમ જિજ્ઞાસુજીવ વિચારે છે.

અંતર્મુખ થઇને આત્માની જ્ઞાનાદિ શક્તિઓ જ્યાં પરિપૂર્ણ સોળકળાએ ખીલી ગઇ ત્યાં પછી તે કદી ઢંકાતી નથી. આત્મામાં જ પોતાના સ્વભાવનું સાધન થવાની તાકાત છે. એ સિવાય બહારના શાસ્ત્રોમાં પણ એવી તાકાત નથી કે આત્માનું સાધન થાય. જિજ્ઞાસુ વિચારે છે કે અરેરે! પૂર્વે મેં અનંતવાર મોટા મોટા વ્યાકરણ શાસ્ત્રો વાંચ્યા, મોટા શાસ્ત્રોના વ્યાખ્યાનો મેં કર્યા, ને સત્સમાગમે સાંભળ્યા, પણ શુદ્ધ ચિદ્રૂપ આત્માને મેં કદી ન જાણ્યો તેથી મારું પરિભ્રમણ થયું. બહારમાં મેં આત્માને શોધ્યો પણ અંતર્મુખ થઇને કદી મેં મારા આત્માને ન શોધ્યો.

અઢીદ્વીપની બહાર અસંખ્ય તિર્યંચો છે, તેમાં અસંખ્ય તિર્યંચો સમકિતી પણ છે. અંતર્મુખ થઈને 'મારો આત્મા આનંદસ્વરૂપ છે' એવા સ્વીકારપૂર્વક તિર્યંચ પણ સમ્યગ્દર્શન પામે છે. તેને વ્યાકરણ અને શાસ્ત્રો ભલે ન આવડે પણ શાસ્ત્રોએ જે શુદ્ધ આત્મા વર્ણવ્યો છે તે શુદ્ધ આત્મા અંતર્મુખ પ્રતીતમાં તેને આવી ગયો છે. આખા જગતની ઉપેક્ષા અને અંતર્મુખ થઈને આત્માની અપેક્ષા,–એવા ઉપાયથી સમ્યગ્દર્શનાદિ થાય છે. જીવે અનાદિકાળથી અંતર્ અવલંબને કાર્ય કર્યું નથી, બાહ્યમાં જ વલણ કર્યું છે. જીવ લીંડીપીપરની તીખાસનો વિશ્વાસ કરે છે પણ આત્મામાં પરિપૂર્ણ આનંદની તાકાત ભરી છે તેનો વિશ્વાસ તે કરતો નથી, માટે હે જીવ! તું અંતર્મુખ થઈને તારી સ્વભાવશક્તિનો વિશ્વાસ કર. સ્વભાવની સન્મુખ થતાં વીતરાગતા થાય છે, તે જ સર્વ શાસ્ત્રોનો સાર છે. શાસ્ત્રોનું તાત્પર્ય વીતરાગતા છે; અને તે વીતરાગતા સ્વભાવની સન્મુખ થવાથી જ થાય છે. —માટે હું અંતર્મુખ થાઉં એમ ધર્મી જીવ વિચારે છે. બહિર્મુખ વલણથી જે સંસાર ભ્રમણ થયું તે અંતર્મુખ વલણથી જ ટળે છે.

ઉપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર.

બહિર્મુખ વલણવડે મોહવડે જ સંસાર છે; ને અંતર્મુખ વલણથી જ સંસારનો નાશ થઈને પરમ ઇષ્ટ મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. અહો! સર્વજ્ઞભગવંતો અંતર્મુખ એકાગ્રતાવડે આવા પરમ આનંદમય ઇષ્ટ પદને પામ્યા છે; એવા સર્વજ્ઞ ભગવાને અંતર્મુખ થવાનો જ ઉપદેશ કર્યો છે. જીવે અંતર્મુખ વલણ તો પૂર્વે કર્યું નથી પરંતુ યથાર્થ ઉલ્લાસપૂર્વક તેની હા પણ પાડી નથી, માટે જેને પોતાનું હિત કરવું છે એવો જિજ્ઞાસુ જીવ સત્સમાગમે એમ વિચારે છે કે અરે! મેં પૂર્વે અંતર્મુખ થઇને કદી મારા આનંદનો અનુભવ ન કર્યો, માટે હવે હું મારા આત્માને જાણીને તેમાં જ અંતર્મુખ થાઉં છું.–આમ નક્કી કરીને આત્મામાં અંતર્મુખ થવું તે ધર્મ છે, ને તે જ આ મનુષ્યઅવતારમાં કરવા જેવું છે; આવો સંતોનો ઉપદેશ છે.

# સૂ.......... ચિ............પ..........ત્ર

| | | |
|---|---|---|
| ૧ | શ્રી. સમયસારજી | ૬—૦ |
| ૨ | શ્રી. મોક્ષમાર્ગપ્રકાશક | ૪—૦ |
| ૩ | શ્રી. મોક્ષશાસ્ત્રજી | ૩—૫૦ |
| ૪ | શ્રી. આત્મસિદ્ધિ પ્રવચન | ૩—૫૦ |
| ૫ | શ્રી. નિયમસારજી | ૩—૫૦ |
| ૬ | શ્રી. પંચાધ્યાય ભાગ-૧ | ૩—૦ |
| ૭ | શ્રી. પંચાધ્યાય ભાગ-૨ | ૩—૦ |
| ૮ | શ્રી. પંચાસ્તિકાય | ૩—૦ |
| ૯ | શ્રી. સમયસાર પ્રવચન ભા-૧ | ૩—૦ |
| ૧૦ | શ્રી. સમયસાર પ્રવચન ભા-૩ | ૩—૦ |
| ૧૧ | શ્રી. સમયસાર પ્રવચન ભા-૪ | ૩—૦ |
| ૧૨ | શ્રી. સમયસાર પ્રવચન ભા-૫ | ૩—૦ |
| ૧૩ | શ્રી. પંકલ્યાણિક પ્રવચન | ૨—૨૫ |
| ૧૪ | શ્રી. જિનેન્દ્ર સ્તવનમંજરી | ૨—૦ |
| ૧૫ | શ્રી. પ્રશ્નોત્તરમાળા પાકું પૂઠું | ૧-૭૫ |
| ૧૬ | શ્રી. નિયમસાર પ્રવચન ભા-૨ | ૧—૬૩ |
| ૧૭ | શ્રી. મોક્ષનાં કિરણ ભા-૨ | ૧—૬૩ |
| ૧૮ | શ્રી. પ્રશ્નોત્તરમાળા કાચું પુંઠું | ૧-૫૦ |
| ૧૯ | શ્રી. નિયમસાર પ્રવચન ભા-૧ | ૧-૫૦ |
| ૨૦ | શ્રી. સમયસાર પ્રવચન ભા-૨ | ૧-૫૦ |
| ૨૧ | શ્રી. ધર્મની ક્રિયા | ૧—૫૦ |
| ૨૨ | શ્રી. ભેદવિજ્ઞાનસાર | ૧-૨૫ |
| ૨૩ | શ્રી. સમ્યક્દર્શન | ૧—૨૫ |
| ૨૪ | શ્રી. મૂળમાં ભૂલ | ૧—૦ |
| ૨૫ | શ્રી. અનુભવ સ્વરૂપ | ૧—૦ |
| ૨૬ | શ્રી. છહઢાળા | ૦—૮૧ |
| ૨૭ | શ્રી. ચિદ્વિલાસ | ૦—૭૫ |
| ૨૮ | શ્રી. મોક્ષના કિરણ ભા-૧ | ૦—૭૫ |
| ૨૯ | શ્રી. જિનેન્દ્રભજનમાળા | ૦—૭૫ |
| ૩૦ | શ્રી. દસલક્ષણ ધર્મ | ૦—૬૩ |
| ૩૧ | શ્રી. મુક્તિનો માર્ગ | ૦-૫૬ |
| ૩૨ | શ્રી. દ્રવ્ય સંગ્રહ | ૦—૫૦ |
| ૩૩ | શ્રી. જિનેન્દ્રપૂજાપલ્લવ | ૦—૫૦ |
| ૩૪ | શ્રી. સર્વસામાન્ય પ્રતિક્રમણ | ૦—૫૦ |
| ૩૫ | શ્રી. સિદ્ધાંતપ્રવેશિકા. | ૦—૫૦ |
| ૩૬ | શ્રી. આત્મસિદ્ધિ ગુટકો | ૦—૫૦ |
| ૩૭ | શ્રી. સમયસાર ગુટકો | ૦—૫૦ |
| ૩૮ | શ્રી. પ્રવચનસાર ગુટકો | ૦—૩૧ |
| ૩૯ | શ્રી. નિયમસાર પદ્યાનુવાદ | ૦—૩૧ |
| ૪૦ | શ્રી. પંચાસ્તિકાય પદ્યાનુવાદ | ૦—૩૧ |
| ૪૧ | શ્રી. પ્રવચનસાર પદ્યાનુવાદ | ૦-૨૫ |
| ૪૨ | શ્રી. સમયસાર પદ્યાનુવાદ | ૦—૨૫ |
| ૪૩ | શ્રી. સમવસરણ સ્તુતિ. | ૦-૨૫ |
| ૪૪ | શ્રી. આત્મસિદ્ધિ સાર્થ | ૦—૨૫ |
| ૪૫ | શ્રી. સામાયક પાઠ | ૦—૨૫ |
| ૪૬ | શ્રી. પતરાવળી. | ૦-૨૫ |
| ૪૭ | શ્રી. બાળપોથી | ૦—૧૯ |
| ૪૮ | શ્રી. યોગસાર ઉપાદાન | ૦—૧૯ |
| ૪૯ | શ્રી. આત્મસિદ્ધિ ગાથા. | ૦—૧૩ |
| ૫૦ | શ્રી. સિદ્ધાંતપ્રવેશિકા ભા-૧ | ૦—૧૩ |
| ૫૧ | શ્રી. આલોચના- | ૦-૧૩ |
| ૫૨ | શ્રી. આત્મધર્મ લવાજમ | ૪—૦ |

પોસ્ટેજ અલગ

પ્રાપ્તિસ્થાન

શ્રી. દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર

સોનગઢ ( સૌરાષ્ટ્ર )

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટવતી મુદ્રક અને પ્રકાશક હરિલાલ દેવચંદ શેઠ : આનંદ પ્રિ. પ્રેસ-ભાવનગર